શ્રી

અખિલ સૌરાષ્ટ્ર રાજપુત પરિષદ્

વર્તેજ

તા. ૧૧-૧૨-૧૩ જુન

બુધ, ગુરૂ, શુક્ર.

પ્રમુખ

શ્રી મનુભાભાઈ પાતાભાઈ (ચર)

નું

ભાષણ

શ્રી અખિલ સૌરાષ્ટ્ર રાજપુત પરિષદ્‌ના પ્રમુખ શ્રી મનુભાભાઇ પાતાભાઇનું ભાષણ

ભાઇઓ અને બ્હેનો,

આવી આ મહાન્ મેદનીના પ્રમુખસ્થાને આપ સર્વેએ મને ચડાવ્યો એ માટે આપ સર્વનો હું અંતરથી આભાર માનું છું. રણભૂમિમાં કીર્તિ વરેલા, વિદ્યાપીઠોની પદવીથી વિભૂષિત થએલા, રાજકીય આકાશમાં પ્રકાશી રહેલા બુદ્ધિવૈભવી, કર્તવ્યશાળી, અને આ સ્થાનને સર્વથા શોભાવે એવા અનેક નરવીરો આજે પણ આપણી કોમમાં પડેલા છે. એવા કેટલાએ પુરૂષોનાં નામો મારાં સ્મરણપટે અત્યારે ચડી આવે છે. એ છતાં પણ મારા જેવા એક પામર માનવીને આ આસને બેસાડી આપે ધન્ય કર્યો તે માટે આપનો હું ઋણી છું. હું બરાબર જાણું છું અને બરાબર કહું છું કે મારી કોઈ યોગ્યતાએ મને અહીં બેસાડયો નથી; આપની મારા માટેની પ્રીતિ અને પક્ષપાતેજ મારામાં આ યોગ્યતા કલ્પી લીધી છે. આપની પ્રીતિએ મને પ્રતિષ્ઠિત બનાવ્યો છે. આપના સ્નેહે મને શુદ્ધ કર્યો છે. એ પ્રીતિ અને એ સ્નેહને મારી અનેક વંદનાઓ હો! સદાએ એને પાત્ર રહું, એવું, પરમાધાર પ્રભુ તું મને બળ આપ!

આપણો ભવ્ય ભૂતકાળ

બ્હેનો અને બંધુઓ, આપણે આજે અહીં આપણી દશાનો વિચાર કરવા એકઠા મળ્યા છીએ. જે કોમે જગત્ આખાની દશાનો અનંત કાળથી વિચાર કર્યા કર્યો છે, જે કોમ કેટલીએ માનવ સંસ્થાઓ અને માનવકુળોની સારી નરસી દશાની કારણભૂત હતી એમ ઇતિહાસ આજે પણ પોતાની પ્રચંડ વાણીમાં પોકારી રહ્યો છે, તે કોમને ખુદ પોતાનીજ દશાનો વિચાર કરવાનો વખત આવી લાગ્યો છે, એ પણ પ્રભુની એક લીલા છે. અને જે ઇતિહાસનો મેં નામોચ્ચાર કર્યો તે ઇતિહાસ પોતે શું છે? ભારતવર્ષનો એ આખો ઇતિહાસ, આપણા પુણ્યપ્રભાવી પૂર્વજોની જીવનકથા માત્ર છે.

આપણેજ ઇતિહાસના સ્રષ્ટાઓ હતા. ઇતિહાસના મંદિરના મુખ્ય દેવો એ આપણીજ કોમના નરવીરો છે. ઇતિહાસનાં પાને પાનાં ઉખાળી જુઓ અને આપણને માલમ પડશે કે ભારતનો ઇતિહાસ એટલે ક્ષત્રીઓની વીરશ્રીનાં વિરલ વૃત્તાંતો; એમનાં આત્માર્પણ અને ત્યાગનાં ગૌરવભર્યાં ગાનો; એમની ધ્યેયભક્તિ અને કર્તવ્ય-નિષ્ઠાની કીર્તિકથાઓ. રામાયણ એટલે આદર્શ ક્ષત્રી નરપતિનું નર્યું કર્તવ્યજીવન; આદર્શ ક્ષત્રી સતીનું તપસ્વી જીવન; આદર્શ ક્ષત્રી ભ્રાતાઓનું ભક્તજીવન. મહાભારત એટલે ક્ષત્રીઓની શસ્ત્ર-યુદ્ધની કોઈ હારેલી કળાઓના કીર્તિલેખો. ગીતાના ગાનાર નારાયણ તે ક્ષત્રીકુળશિરોમણિ યાદવ; ગીતાનો સાંભળનાર તે ક્ષત્રીવર અર્જુન. ક્ષત્રી એટલે કર્મવીર અને ગીતા એટલે કર્મબોધ. એ ઇતિહાસો, એ પુરાણો, એ ધર્મશાસ્ત્રોમાં જ્યાં જુઓ ત્યાં આ અનંત તારાઓ આકાશના પટને જેમ ઉજાળી રહ્યા છે તેમ ક્ષત્રી-ઓની જીવનકથા પૃથ્વીના પટને શોભાવી રહી છે. ઇતિહાસનાં પાનાંઓમાંથી ક્ષત્રીઓનાં નામ અને કામ સંકેલી લ્યો તો પાછળ રહે છે શું? આખો આખો ઇતિહાસવિનાનો દેશ આજે ઇતિ-હાસને પાને સમાઈ રહી છે! વીર પુરુષોના આજે પણ ગુણ ગાય છે. શૂરાતન, સ્વાર્પણ, આત્મબલિદાનના ઉત્સવો આજે પણ એટલા જ પ્રેમથી ઉજવાય છે. એવાં કેટકેટલા ક્ષત્રીવીરોની પૂજા આજે થાય છે! કેટકેટલા ક્ષત્રીવીરોનાં આત્મબલિદાનોના ઉત્સવ આપણું ભારતવર્ષ ઉજવતું રહ્યું છે! પરંતુ જ છેલ્લાં બસો વર્ષથી આપણી ઇતિહાસની પોથી લગભગ બંધ છે. એમાં અક્ષરો પડ્યા નથી. ન પડ્યા એજ સારું છે. આ વરસો તો એક વખતનું આપણું તે પ્રચંડ તેજસ્વી શક્તિવંતુ ક્ષત્રી શરીર, દુર્બળ, નિસ્તેજ અને શક્તિહીન બન્યું છે. આજે આપણે આપણી સ્થિતિ અને સ્થાનથી ભ્રષ્ટ થયા છીએ. આપણી આ દશા જોઈને એક ભાઈએ એક વખત કહ્યું હતું કે 'જો તમારી આવી જ દશા રહેવાની હોય તો હવે તમારે શસ્ત્રો અને શસ્ત્રાગારો ઉખેળાવી નાંખવાં પડશે. શાસ્ત્રોમાં ક્ષત્રીઓને અપાયેલો દરજ્જો ઉચકાવી લેવો પડશે.' તે બરાબર છે. જે સદ્ગુણો અને જે શક્તિઓને કારણે આપણને આ લોકના રક્ષકનું ગૌરવવંતું પદ શાસ્ત્રોએ આપ્યું હતું, તે

સદ્દગુણો અને શક્તિઓવિહોણા આપણે, આ બળવાખોર જમાનામાં આપણું પદ શે' ટકાવી શકવાના હતા, જો આપણે સાવધ અને ટટ્ટાર ન થઈએ તો ?

આપણી અત્યારની દશા

આપણી કોમના અંતરમાં જો આપણે ઉતરીએ, એના ખુણે-ખુણાની બારીક આત્મ–પરીક્ષા કરીએ તો આપણને માલમ પડશે કે આપણે ક્યાં છીએ ! આપણું ભુજબળ ઓછું થયું છે. શસ્ત્રબળ લગભગ નહીવત્ થઈ થયું છે. ચારિત્રબળ નાશ પામ્યું છે. આપણી કર્તવ્યબુદ્ધિ ભ્રષ્ટ થઈ છે. જે જે સદ્દગુણોથી આપણે જગતના રાજા અને ઇતિહાસના અધિરાજ બન્યા, તે બધાય સદ્દગુણો, સામાન્ય રીતે બોલીએ તો, આપણને ત્યજી ગયા છે. કિંવા આપણે એનનો ત્યાગ કર્યો છે. આજે તો આપણે દુર્ગુણો અને દુર્વ્યસનોના અખંડ ઇજારદાર બન્યા છીએ. જો ક્યાંયે પણ ઈર્ષ્યા દ્વેષ અને ઝેરવેર કાંઠોકાંઠ ભરાયાં હોય તો તે આપણામાં. જો કોઇ પણ અદાલતોને આંગણે ચડી પાયમાલીનાં પાધર થતા હોય તો તે આપણે. જો ક્યાંય પણ આરામપ્રિયતા, આળસ અને અભિમાન ચડીચોટ બેઠાં હોય તો તે આપણામાં જ. આપણા શિશુઓને કશા પણ ચારિત્ર, કશા પણ સુશિક્ષણ અને કશા પણ સુસંસ્કાર વગર સંસારની આ ભર અટવીમાં રઝળતા મૂકનાર નિષ્ઠુર માબાપ આપણે જ છીએ. આપણી રૂઢિના, સ્વાર્થવશતાના અને પાપમયતાના પેદા કરેલ દુઃખના ડુંગરાઓ નીચે આપણી દીન વિધવાઓને ચગદી મારનાર નિર્દય કુટુંબીઓ આપણે છીએ. 'નબળો માટી બૈરી ઉપર શૂરો' તેમ આપણી રાંક વસ્તીઓ ઉપર લાખ પ્રકારના ત્રાસ વર્તાવનાર જૂલ્મગારો આપણે છીએ. સરકાર દરબારના બે બદામના માણસોના ચર્ણ ચાંપનાર, ખોટી ખુશામદોમાં સદા રાચનાર, આપણે આજે એવી દશામાં છીએ કે તે તેનો ચિતાર આપવો' એ કોઇ અનંત વેદનાનો વિષય છે. છતાં પણ થોડીક સરખામણી તો કરો. આપણા ભુતકાળના કોઇ ક્ષત્રીવરને કલ્પો અને આ આપણી જાતને જુઓ. હાથમાં તલવારો અને ભાલાઓ સદા શોભતાં ત્યાં આજે ભૂંડે ભાગે હોકાઓ અને

શીશાઓ કે પ્યાલીઓ શોભે છે. જ્યાં અશ્વોના હણહણાટ, શસ્ત્રોના ખણખણાટ, સંગીત અને વીરપુરૂષોની બિરદાવળી સંભળાતી ત્યાં આજે અફીણો વટાય છે, પ્યાલીઓ અપાય છે, એક બીજાનાં દ્વેષ ઇર્ષ્યા અને ખોદણીઓ થાય છે અને ઝોકાં ઉપર ઝોકાં ખવાય છે. જ્યાં સત્ય અને ધર્મ માટે માથાંઓ ફુલ કરવા રણાંગણમાં દોડાદોડી થતી, ત્યાં આજે કારણે કે અકારણે, એક બીજાને પાયમાલ કરવાની બુદ્ધિથી અમલદારોને આંગણે પગ ઘસાય છે. જ્યાં સમૃદ્ધિ ઉછળી રહી હતી ત્યાં આજે ધરતી ખાવા ધાય છે. પરમાત્માનો કોપ ઉતરે, જગતમાં ધરતીકંપ થાય અને જેમ ગામ હોય ત્યાં જંગલ અને વસ્તી હોય ત્યાં વેરાન થઇ જાય, તેમ આજે આપણી દશા થઇ ગઇ છે. કોઇ સૌભાગ્યવતીનું સૌભાગ્ય લૂંટાય અને જે નિસ્તેજ દશા તેની દેખાય, કિંવા કોઇ છત્ર ચામરમાં ફરતાં અમીરની દશા પલટે અને ગામની ગલ્લીકુંચીમાં તે ચીંથરેહાલ ફરે, તેવી દશા આજે આપણી થઇ છે.

એ માટે જવાબદાર કોણ?

બ્હેનો અને બન્ધુઓ, આ બધી સ્થિતિના સરજનહાર આપણે પોતે છીએ. આપણે પાપો કરતાં પાછું વાળી જોયું નથી. આપણા પૂર્વજોના પુણ્યો આજસુધી પહોંચતા ન હોત, કાળના અંત સુધી પણ ન ભૂલાય એવાં એમનાં પરાક્રમો આજે જગત સન્મુખ ન હોત, તો આજે આપણે માટે ક્યાંયે સ્થાન પણ કદાચ ન હોત. કાળને સપાટે જેમ કેટલીએ પ્રજા, કેટલીએ કોમ અને કેટલાએ દેશનાં નામ ભૂંસાઇ ગયાં, આજે તેમને સ્મરણની એક અંજલિ પણ કોઇ અર્પતું નથી, કે એવું આંસુ પણ કોઇ ખેરવતું નથી, તેવીજ દશા કદાચ આપણી હોત. પણ આપણા પૂર્વજોનું રળેલું હજી પહોંચે છે. એમના નામની હુંડીઓ હજી પણ ચાલે છે. તેમની તેજલી તેમથી ઉતરી આવેલું અન્ન હજી પણ આપણે આરોગીએ છીએ, છતાં પણ આપણે એટલા બેવફા અને બેવકૂફ બન્યા છીએ કે, નથી જાળવતા આપણે એમના ભાગ, નથી પોષતા આપણે એમની ભાવનાઓ અને પડયા છીએ કોઇ દુર્ગંધ મારતા, કાદવ—કીચડ ભરેલા ભયાનક ઊંડાણમાં.

પણ આ બધું શાથી? આ ખાડમાં આપણને કોણે ધકેલ્યા ! આ અવદશા આપણા ઉપર કેમ ઉતરી ? સૌથી પહેલી વાત તો એ કે આપણા પૂર્વજોએ તલવાર ચલાવી આપણને પ્રાપ્ત કરાવેલ સંપત્તિના ઉપભોગમાં આપણને કશા પરિશ્રમની જરૂરત રહી નથી. પુરૂષાર્થના પ્રસંગો વિહોણા આપણે આળસુ અને વિલાસી બન્યા. પડ્યા પાણી ગંધાઈ ઉઠે તેમ આપણી બુદ્ધિ બગડવા લાગી. અનીતિ અને અનાચારો તરફ આંખળ ધપી. કોઈ ઉપયોગી અને ઉમદા કામધંધાની ગેરહાજરીમાં આપણે એક બીજાની ઈર્ષ્યા, દ્વેષ અને ટંટામાં જ રાચવા લાગ્યા. અને જ્યારે એ અવગુણોનું સામ્રાજ્ય પ્રવર્તે ત્યારે સ્વાભાવિક રીતે જ મનુષ્યની શક્તિઓ ક્ષીણ થઈ જાય છે અને આજુબાજુના ખટપટીઆ અને શક્તિવંતા માણસોની તે ગૂલામ થઈ બેસે છે, તેમ આપણું પણ બન્યું. અને આપણે આપણા કામદારો, હજૂરીઓ અને શાહુકારોના હાથમાં રમકડાં બની ગયાં. આપણું સર્વસ્વ તેમને ખોળે ધરી દીધું. આવી આપણી પામર મનોદશામાં જ આપણા ભાઈઓ અને કુટુંબીઓના આપણે અનિષ્ટ ઇચ્છ્યાં. તેમની વિધવાઓને કનડી—લુંટી પાયમાલ કરી નાંખી, તેને ભોગે પોતે સમૃદ્ધ થવાના પાપમાર્ગે ચડ્યા. પરિણામે વિધવાઓએ દત્તકો લેવાની અને ખોટા છોકરાઓ ઉભા કરવાની બાજી રચી. પાપ ઉપર પાપના થર ચડવા મંડ્યા. અને જેમ મંદિરને છેવટનો કળશ ચડે અને પાપની પ્રતિષ્ઠા થાય તેમ આપણા ક્ષત્રીવંશોમાં હલકી કોમોનું લોહી ભળવા માંડ્યું. બસ, અવધિ થઈ, ક્ષત્રીવટના અમૃત કટોરામાં વર્ણસંકરતાના ઝેરના એ બિંદુઓ પડવા લાગ્યા. એ ધીમું અને ઝીણું ઝેર આપણા ક્ષત્રીવટના અંતરને કોરી ખાવા લાગ્યું. આજે ક્ષત્રીવટને ક્ષય લાગ્યો છે ! આપ સાંભળો છો ? બ્હેનો અને ભાઈઓ, આપણી ક્ષત્રીવટને ક્ષય લાગુ પડ્યો છે. આપણે મૃત્યુના પંજામાં સપડાવવાની તૈયારીમાં જ હતા. પણ સદ્‌ભાગ્યે દર્દીને દર્દનું ભાન થયું છે. તેનામાં જાગૃતિ—ચેતના આવી છે. દર્દને તોડી નાંખવા તે ઉત્સુક થયો છે. અને પ્રભુની કૃપાએ અને આપણા પૂર્વજોના પુણ્યે અને આપણા પોતાના પુરૂષાર્થે આપણે અહીંઆ આ સ્થળે એકઠા થઈ એ

દર્દનું નિવારણ કરી સુંદર આરોગ્ય પ્રાપ્ત કરવા શક્તિવંતા થઇશું એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

પાપોનો ઇકરાર

વૈદકશાસ્ત્રનો એક નિયમ છે કે નવી ઓષધિ સેવતા પહેલાં શરીરનો તમામ મળ એકવાર સાફ થઇ જવો ઘટે. ન્યાયશાસ્ત્ર પણ કહે છે કે તમારે ન્યાય જોતો હોય તો તમો સાફ હાથે અહીં આવો. તેજ પ્રમાણે ધર્મશાસ્ત્રો પણ ફરમાવે છે કે જો આપણે સાચે જ શુદ્ધ થવા માંગતા હોઇએ તો આપણા પાપોનો આપણે અદલ ઇકરાર કરીએ, એના માટે પશ્ચાતાપ જાહેર કરીએ, અને પાપોને ફેડવા આપણે તપશ્ચર્યા આદરીએ. જો આપણે સાચે જ આપણું દર્દ નિવારવું હોય, આપણે સાચેજ આપણી મૂળ સ્થિતિ પ્રાપ્ત કરવી હોય, ફરીથી આપણામાં કૃષ્ણ જેવા જ્ઞાની, રામ જેવા ધર્મનિષ્ઠ અને પ્રતાપ જેવા વીર પ્રગટાવવા હોય તો ચાલો સૌથી પહેલાં આપણે સાફ થઇએ. દેવપૂજા કરતાં પહેલાં સર્વાંગ સ્નાન કરીને શુદ્ધ થઇએ છીએ તેમ ચાલો આપણે સૌથી પહેલાં આપણી મનઃશુદ્ધિ કરીએ. આ વિશાળ ધરતીમાં પ્રભુને હાજરનજર જાણી આવો આપણે ઇકરાર કરીએ કે કોઇ સરકાર કે કોઇ દરબાર અમારી આ દુર્દશા માટે જવાબદાર નથી. અમારી પોતાની નબળાઇઓ, અમારા પોતાના જ દોષો, અમારા પોતાના જ પાપો આપણી આ સ્થિતિ માટે જોખમદાર છે. અમારા એ દોષો અને એ પાપો માટે ઓ પ્રભુ, અમે તારી ક્ષમા ચાહીએ છીએ અને ફરીથી તે માર્ગે નહીં આવવા તારી સમક્ષ પ્રતિજ્ઞા કરીએ છીએ, અને આજથી, આ ઘડીથી અમોએ સ્વીકારેલા ધર્મ, કર્તવ્ય અને શુદ્ધિના માર્ગને લાયક થવા ઘટતી તપશ્ચર્યા કરવા અમે તૈયાર છીએ.

પ્રથમ પાપ : વિધવાઓની અવગણના

આપણા પાપ અને દોષોની હારમાળામાં સૌથી ભયંકર પાપ આપની પોતાની વિધવાઓની આપણા તરફથી થતી અવગણનાને હું ગણું છું. આફ્રિકામાં આવેલા કોંગો પ્રદેશના દીન માનવીઓને એ દેશમાં રબ્બર ઉપજાવવાના લોભ માટે સતાવવામાં યુરોપમાં આવેલ બેલજીઅમની સરકારે કોઈ મણા ન્હોતી રાખી. એ કંગાળ માનવી-

એના શ્રાપે—બેલજીઅનોના એ પાપે, છેલ્લા યુરોપીયન મહાન્ યુદ્ધના પહેલા કોળીઆમાં બેલજીઅમનો સારો યુવાનવર્ગ, તેની સારી સમૃદ્ધિ અને તેનાં તમામ સાધનો અને સ્થિતિ ભરખાઇ ગયાં. આજે તે પોકે પોક મૂકી રડે છે તેની સ્થિતિ ફરી બંધાતાં વર્ષોનાં વર્ષો જોઇશે. આપણા જે એશીઆના બળવાનું રાજ્ય જાપાને કોરીઆના લોકો ઉપર નિર્દય વ્યવહાર ચલાવ્યો અને માનવજાતિને શરમાવે એવા અત્યાચારો કર્યાં તેનો બદલો હમણાં આ વર્ષમાં જ જાપાનને મળી ગયો. એક કોરીઆ તો શું પણ દશ કોરીઆ ન આપી શકે તેટલી ભારે ભયંકર નુકશાની, માણસોની અને સમૃદ્ધિની, તેને થઇ બીજાં પચીસ વર્ષ સુધી તે ફરી પગભર થવું મુશ્કેલ છે. અને પરિણામે જે અમેરીકા તેનાથી ડરતું, ગભરાતું હતું, તેણે હમણાંજ જપાનીઓને પોતને ત્યાં ન આવવા દેવાનો કાયદો કરી તેનું ભારે અપમાન કર્યું. તે તેને ગળી જવું પડયું છે. આપણી હિંદુ કોમ આપણા જ અંત્યજ ભાઇઓ સાથે જે પ્રકારનું વર્તન ચલાવે છે તેના જ પરિણામ તરિકે આજે તેનામાં એટલી નિર્વીર્યતા, નિસ્તેજતા અને અસ્તવ્યસ્તતા આવી ગઇ છે કે કાળના ગર્ભમાં તેને માટે શું લખાયું છે તે કલ્પવું મુશ્કેલ થઇ પડે છે. આપણી કોમની અત્યારે આ દુર્દશા થઇ પડી છે તેનું એક કારણ હું આપણી પોતાની આપણી વિધવાઓ ઉપરની નિર્દયતા છે એમ માનું છું. પોતાના બાપના ઘરનાં સુખ સગવડો છોડી આપણા ઘરમાં આવી વસેલી બાઇને આપણે જે ત્રાસ આપીએ છીએ, આપણી સમૃદ્ધિની સહ હિસ્સેદાર તે બાઇના પ્રાણાધાર પરલોક જતાં, આપણે તેના હિસ્સા અને તેની સમૃદ્ધિ ઉપર જે વરૂની માફક કૂદી પડીએ છીએ, તેને ગીરાસ ખાવામાં જે વિડંબનાઓ ઉભી કરીએ છીએ, તેને પૂરૂં ખાવા પીવા પહેરવા પણ નથી આપતા, તે બધા પ્રાપે જ એક વખતની આપણી આ દેવકોમ આ અવદશા પામી છે; આપણો એ પાપનો ડુંગર આપણાં પુણ્યોને કચરી રહ્યો છે અને આપણી કોમને ઉંડી ને ઉંડી ખાઇમાં ધકેલી રહ્યો છે. એ આંતરડાંની વરાળો, એ નિઃસાસા અને એ શાપોના ભડકા આપણી કોમને ભસ્મીભૂત કરી રહ્યા છે. અને એ બિચારીનો ગૂન્હો શું છે ? એ તમારા ઘરમાં આવી તે

એનો ગૂન્હો છે? એનો સિરછત્ર એને એકલી મૂકી ચાલ્યો ગયો તે શું ગૂન્હો છે? એની એ નિરાધાર દશામાં પણ આપણે કોઇ એની સામે મીઠી મીટ પણ ન માંડીએ, છતાં એ નીતિ અને મર્યાદા જાળવે, તોફાન ન કરે, એ એનો ગૂન્હો છે? આપણે શા માટે એને ત્રાસ આપીએ છીએ? અબળાઓના રક્ષણકારનું બીરદ ધરાવનાર આપણા ઘરની જ અબળાઓનું સર્વ વિત્ત લૂંટી લઇ તેને દીન બનાવી દઇએ છીએ. શરણાગતના પોષનાર તરીકે પ્રખ્યાત થએલા આપણે છેક બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી સૂર્ય ચંદ્રની શાખે આપણે આશ્રયે પડી રહેવાનું સ્વીકારી લેનારનાં કાળજાં કરડી ખાઇએ છીએ. સાચેજ વિધવાઓ સાથના આપણા વર્તનથી તો આપણી ક્ષત્રીવટ લાજી રહી છે. અને સાંભળો, ઓ મારા ક્ષત્રીભાઇઓ, જો આપણામાં રહેલાં લોભ, સ્વાર્થપરાયણતા અને બદદાનતનો નાશ નહીં થાય, જો આપણે આપણી વિધવાઓને નિશ્ચિંત નહીં બનાવીએ, જો એના સુખ અને ધર્મપરાયણતાની સાચા દિલની સગવડો આપણે નહીં કરી આપીએ, તો આજે નહીં તો કાલે અને કાલે નહીં તો પરમ દિવસે એવું બનશે કે જે જોઇ આપણી આંખમાં ખુન ભરાશે, આપણું જીવતર આપણને ધુળસમ લાગશે, અને આપણા પૂર્વજો આપણા જેવી લોભી અને પાપી સંતતિ ધરાવવા માટે અંતરીક્ષમાં રહ્યા રહ્યા શરમાશે. માટે ન્યાયની ખાતર, તમારા કુટુંબીઓ તરફના તમારા કર્તવ્યની ખાતર, અબળાઓના રક્ષણ ખાતર, શરણાગતના શ્રેય ખાતર, અને તમારી કોમના શુભ નામની ખાતર, વિધવાઓને સુખી કરવાના પણ લ્યો. એ પછીજ આગળ વધો. એ પાપથી તમારા મનને સાફ કરશો તો પ્રભુ તમને તમારા કાર્યમાં સહાય કરશે.

બીજું પાપ : દુર્વ્યસનો

આપણું બીજું પાપ તે આપણામાં પેસી ગયેલા દુર્વ્યસનો છે. કોઇ ઉઘાડા ઘરમાં ચોર આવીને પેસી જાય અને પછી માલીક થઇ બેસે તેવી દશા આપણા દારૂ અફીણના બંધાણીની છે. એ ચોરો હવે ધક્કો માર્યા ખસતા નથી, આપણાથી છોડ્યા છોડાતા નથી. પણ એ ક્યાં સુધી સહી જવું છે? પૈસા લઇ ગાંડા બનાવનાર આપણને લૂંટી લૂંટી પાયમાલ કરી નાંખી, બેવકુફ તરીકે જગતમાં

ચકચૂર મૂકનાર દારૂને, ક્ષત્રી જેવી અચળ અને સદા જાગ્રત કોમને એવી આળસુ અને ઝોકાં ખાતી બનાવનાર અફીણને આપણે ક્યાં સુધી સત્કારવા છે? સૂર્ય ચંદ્રનાં સંતાનોને સુરા ન શોભે. પીવું હોય તો પીઓ તમારા પૂર્વજનાં જેવાં અનંત તેજનાં કિરણો. જરવવાં હોય તો જરવો એ પ્રતાપ, એ શક્તિ અને એ સેવાવ્રત. જેનાથી તમારાં તેજ નાશ પામે, તમારી શક્તિઓ હરાઇ જાય અને સૂર્ય ચંદ્રનાં સંતાનો મટી કોઇ અંધકાર ભરી ગટરો કે એથીય વિશેષ અંધારા દિલવાળા પામર માનવીઓનાં શરણાં સ્વીકારવાં પડે તે દારૂ અફીણને ત્યજો. જે કોઇ ક્ષત્રી ક્ષત્રી રહેવા માગતો હોય, જે કોઇ રાજપૂત પોતે પોતાને સૂર્ય ચંદ્રનું સંતાન કહેવડાવતો હોય, તેણે આ આળસ અને અંધકારના આશ્રય આ ઘડીએજ ત્યજવા ઘટે. સિંહોના સમુદાયમાં એ ભૂંડો ન હોય. સુરોના સાથમાં એ અસુરો ન ખપે. આપણે સૂર્યનાં સાચાં સંતાનો થવા અહીં એકઠા મળ્યા છીએ. દેવોના પણ રક્ષણહારની સ્થિતિ ફરી પ્રાપ્ત કરવાની આપણી નેમ છે. તો ચાલો એ દારૂ અફીણરૂપી અસુરોના આશ્રય ત્યજીએ, તેમને દેશપાર કરીએ, આપણે ત્યાં નિર્વ્યસન અને શુદ્ધિના સામ્રાજ્ય સ્થાપીએ અને આપણા પ્રગતિ-કાર્યમાં આપણે આગળ વધીએ.

અફીણનો સર્વદા અને સર્વથા ત્યાગ કરવો એ ક્ષત્રીને સ્હેજ પણ વસમો લાગવો જ ન જોઇએ. ગમે તેવું સુખ કે ગમે તેટલો વિલાસ ક્ષણમાં ફેંકી દેવાની વીરતા જેનામાં હોય તે જ ક્ષત્રી છે, એમ હું માનું છું. છતાં અફીણના ચાલુ બંધાણીઓમાંથી જે બંધુ-ઓથી એકદમ અફીણ છૂટી શકે તેમ ન હોય તેમણે કાંઇ નહીં તો કોઈ નવો શિષ્ય હવેથી ન મુંડવો અને કસુંબા કાઢવાના રિવાજનો સર્વથા ત્યાગ કરવો એટલું તો અવશ્ય માગી લઉં છું; અને મને વિશ્વાસ છે કે આ વિશાળ મેદનીમાંથી એક પણ એવો ક્ષત્રી બચ્ચો નહીં મળે કે જે એટલું કરવામાં પણ ગભરાઈ જાય. પ્રભુ આપ-ણામાં નબળા ભાઇઓને પણ એટલું બળ આપે એમ હું માગું છું..

ત્રીજું પાપ : કજીઆખોરી

અદાલતોમાં ચાલતી આપણી કજીઆખોરી જ્યારે હું યાદ કરૂં છું ત્યારે તો આપણી પામરતાની મને લજ્જા આવે છે. તલ-

વારની અણીથી જીતેલા અને સાચવેલા આપણા પૂર્વજોના ગીરાસ અને સમૃદ્ધિ જ્યારે આપણે કલમને આધારે સાચવવા માગીએ છીએ—અને તે કલમ પણ પારકાની મહેરબાનીએ મળેલી—ત્યારે તો મને એમ થાય છે કે એના કરતાં તો આપણી ક્ષત્રી કોમ ગ્રાસ વિહોણી થઈ જાય તો શું ખોટું? અદાલતો અને વકીલો પાછળ આપણી સમૃદ્ધિ લૂંટાઇ જાય છે એ મને નથી ખુંચતું; પણ મને ખુંચે છે એ કે આપણે એમાં આપણું સારૂં સ્વરૂપ ચુકી જઇએ છીએ. તલવારના અને મર્દાનગીના ભક્તો મટી જઈ અદાલતી કજીઆખોરીના ગુલામો બનીએ છીએ. જેને આંગણે ન્યાય માંગવા હરકોઇ કોમનો સ્ત્રી પુરૂષ આવી ધામ નાંખતો અને જે સાંભળી ક્ષત્રી બચ્ચો નાગી તલવારે એ અસહાયને સહાય આપવા—તેને ન્યાય અપાવવા ધાતો, તે કોમ આજે હરકોઇ કોમના માનવીને બારણે બેસી ન્યાયની ભીખ માગી રહી છે. હું ફરીથી કહું છું, મને આપણો ગ્રાસગ્રાસ લૂંટાઇ જાય—વેચાઇ જાય, આપણે પાયમાલ થઇ જઇએ એ બહુ નથી લાગતું. મને તો આ લાગે છે; આપણે એટલા દીન બની જઇએ છીએ, તલવારને મ્યાનેજ ખૂણે સંતાડી દઇએ છીએ, સાચા ખોટા સાક્ષીઓ અને દસ્તાવેજો ઉભા કરીને એ કુટિલ સાધનોને જ આપણી પ્રાણધાર તલવારનું સ્થાન આપી ને વડે આપણું રક્ષણ કરવા ચાહીએ છીએ. સિંહ ભૂખે મરે પણ તૃણ ન ચરે. ક્ષત્રી પાયમાલ થઈ જાય પણ દીન ન બને. આજે આપણી કજીઆખોરીએ આપણને દીન બનાવ્યા છે. આપણી એકેએક શાખા આ શાપની ભોગ થઇ પડી છે. અને આપણી પાયમાલીના ભોગે વકીલો અને અદાલતો સમૃદ્ધ થયાં છે. તસુ જમીન માટે કે નજીવા હક્ક માટે કે સાચા યા ખોટા કોઈ કારણ માટે હજારોના ખર્ચમાં ઉતરી, બેવકુફ બની આપણી આખી કોમની આપણે આજે હાંસી કરાવી રહ્યા છીએ. મારે આપને એક જ પ્રશ્ન પૂછવો છે. તમારે ક્ષત્રી તરીકે ગ્રાસ ખાવો છે કે દીન ગુલામ તરીકે? વકીલોના, અદાલતોના, અધિકારીઓના કે ગમે તેના બળે લડવું તે પણ કોની સાથે? આપણે આપણામાં લડવું, અને જે વસ્તુ માટે લડવુ છે તેનો ઘણો ભાગ તો કાઈ ત્રીજાને આપી દેવો; આપણે બન્ને પક્ષના ક્ષત્રીઓને ભાગે તો પાયમાલી, વેરઝેર અને તેજહીનતા જ રહેવાની; આવી

દશામાંથી હવે આપણે મુક્ત થવું જ ઘટે. ક્ષત્રીને કડછીઆખોરી ન શોભે. તેણે તો પોતાનો ન્યાય-પોતાના ભાઇઓ પાસેથી કરાવી લેવો ઘટે. આપણા ક્ષત્રી ભાઇઓમાં અત્યારે આવેલી જાગ્રતિ જોતાં હવે તો આપણે આપણે જ હાથે થએલી સમાધાની સ્વીકારવાનો માર્ગ લઇશું એવો મને વિશ્વાસ છે.

આપણી સામાજીક દુર્દશા

આટલે સુધી આપણી વ્યક્તિગત નબળાઇઓએ ઉભી કરીને પરિસ્થિતિનો વિચાર કર્યા પછી હવે આપણી સમાજે બાંધેલી વા સ્વીકારેલી રૂઢિઓએ આપણને જે દશામાં મૂકી દીધા છે તે ઉપર આપ સર્વનું ગંભીર લક્ષ ખેંચવા રજા લઉં છું. આ એવો વિષય છે કે જેમાં કોઇ એક વ્યક્તિ કે અમુક વ્યક્તિઓનો સમુદાય અમુક વિચારો કે નિર્ણયો ઉપર ચાલે તેથી તત્કાળ સુધારણા સંભવિત નથી. આમાં તો આપણી સમસ્ત જનતાએ લક્ષ આપવાનું છે. તેના અંતરમાં ઉતરી, તેના સાચા સ્વરૂપને ઓળખી, તેણે મચાવેલા તોફાનને નિરખી, જ્યાં જ્યાં તે બંધનરૂપ લાગે ત્યાં ત્યાં તેનો નાશ કરવાનો છે. આ સંસારમાં ચાલતી રૂઢિઓ સંબંધી એક વાત સ્પષ્ટ થઇ જવાની જરૂર છે. રૂઢિઓ એ કોઇ શાસ્ત્રાજ્ઞાઓ નથી, એ કોઇ ધર્મના સિદ્ધાંતો નથી, રૂઢિઓ એ કોઇ અમુક ધર્મ પંથનું આવશ્યક અંગ નથી. ધર્મ કે ધર્મના સિદ્ધાંત એ આત્મા અને પરમાત્માના સંબંધની વાતો છે. રૂઢિ એ મનુષ્ય મનુષ્ય વચ્ચેના વ્યવહારની વાત છે. ધર્મના સિદ્ધાંતો એક અને અચળ હોય છે. રૂઢિઓ કાળ અને સંજોગો પ્રમાણે બદલો પામે છે. સત્ય એક છે, નિશ્ચળ છે. કાળના અનેક આઘાતો સામે પણ તેવું ને તેવું સદા તે રહેવાનું છે. રૂઢિ પ્રત્યેક કાળમાં પ્રત્યેક સંજોગોને અનુરૂપ બદલાતી જાય છે. મનુના કાળમાં—તે સમયના સંજોગોમાં અમુક રૂઢિવ્યવહારો હોય. પારાશરના કાળમાં તેના સંજોગોને અનુરૂપ જુદી રૂઢિ અને જુદા વ્યવહારો હોય; અને આપણા કાળમાં તેથી પણ જૂદી જ રૂઢિઓ અને જુદા વ્યવહારો આપણી સ્થિતિને સંગત આપણે રચી શકાએ. મોગલોના પહેલાના સમયમાં આપણી સ્ત્રીઓમાં પડદાનો રિવાજ ન્હોતો. કારણ કે જરૂર ન્હોતી. મોગલોના સમયમાં તેની જરૂર ઉભી

થઇ અને પડદો આવ્યો. આ કાળમાં તે જરૂરનો નાશ થયો છે અને તે રૂઢિ જેવા બેઠી છે. મનુનાં કાળમાં લગ્નની રૂઢિ અમુક હતી. મોગલોના કાળમાં લગ્નની રૂઢિ બદલી. અત્યારે લગ્નની રૂઢિ એથી પણ બદલવી ઘટે છે. હું એમ કહેવા માંગું છું કે રૂઢિ એ કોઇ શાસ્ત્રકારોની સત્તાનો વિષય નથી. તેના પ્રમાણોની તેમાં આવશ્યકતા નથી. તે સર્વદા અને સર્વથા તે તે કાળના સમુદાયોની સત્તાનો વિષય છે. તે તે કાળના સંજોગોને અનુસરીને તે રૂઢિઓમાં ઘણા ફેરફાર સુધારા વધારા થઇ શકે. કેટલીએ કોમોમાં અગાઉ પુનર્લગ્નો ન્હોતાં. તેમણે હવે તે સ્વીકાર્યાં છે. લગ્ન ઇત્યાદિ પ્રસંગોમાં અમુક જ વિધિઓ અને અમુક જ ખર્ચો કરવાં જોઇએ એવાં સમાજનાં બંધારણો હતાં. તે બધામાં સ્થિતિ, અને કાળને અનુરૂપ દરેક કોમ ફેરફારો કર્યા કરે છે, અને કરવા ઘટે છે. આ બધું કહી હું એ સ્થાપવા માગું છું કે આપણી કોમમાં ચાલતી પ્રત્યેક રૂઢિના સંબંધમાં આપણે એ વાત સ્પષ્ટ રીતે સમજી જવી ઘટે કે એમાં કરવા ઘટતા તમામ પ્રકારના સુધારા વધારા ફેરફાર ઇત્યાદિ કરવામાં આપણે કશું પણ નાલાઝીમ નથી, એટલું જ નહીં પણ જો આપણે તેમ ન કરીએ અને વિચિત્ર અને બેહુદી રૂઢિઓના ભાર નીચે ચગદાયા જ કરીએ, તો એમાં આપણી ચોખ્ખી નબળાઇ અને ડરપોકતા છે. જ્યાં જ્યાં આપણને રૂઢિઓ દુઃખરૂપ લાગે ત્યાં ત્યાં જરાએ સંકોચ વિના બહાદુરીપૂર્વક, જગત્ આમ બોલશે અને તેમ બોલશે તેવી ભીતિ રાખ્યા સિવાય, આપણી આબરૂ ઓછી થશે કે વધશે તે વિચારોને બાજુએ મૂકીને જ આપણે મજબૂત પગલે આગળ વધવું જોઇએ.

પ્રતિષ્ઠાનું ભૂત

આપણી કોમને આબરૂ અને પ્રતિષ્ઠાનો ભારે ખ્યાલ છે એ હું સમજી શકું છું. પોતાની આબરૂ જતી હોય તે માટે તો તે પોતાનું સર્વસ્વ ગૂમાવવા તૈયાર હોય છે, ગમે તે ફુલ કરી દેવા સદા ઉદ્યુક્ત હોય છે. પણ તેમાં વિવેકબુદ્ધિ વાપરવા મારી વિનતિ છે. આપણી આબરૂની કીમ્મત બીજાને હાથે કરાવવા કરતાં આપણા પોતાના જ દિલમાં થવા દો. જગતમાં એવાં અનેક કાર્યો છે કે

જે વસ્તુતઃ સાચાં અને સારાં નથી. તેમાં કોઈ ધર્મ કે સદાચાર નથી. તેમાં આપણો કશો ત્યાગ તપશ્ચર્યા કે પરમાર્થ નથી; એટલું જ નહીં પણ એના અંતરમાં પાપ હોય છે. છતાં જગત્ તેની, ઉંચા ઉમદા અને કીર્તિદાયક કાર્યો તરિકે પ્રશંસા કરી તેને ઉંચે ચડાવે છે; જ્યારે એમાં અનેક કાર્યો છે કે જેના અંતરમાં ત્યાગ, તપશ્ચર્યા, પરમાર્થ અને ધર્મ ભર્યો છે, જેના હેતુ શુદ્ધ અને સાત્ત્વિક હોય છે; છતાં જગત્ તેને વખોડી કાઢે છે. આપણે ક્ષત્રીઓ છીએ, આપણે બહાદૂર પ્રજા છીએ, આપણે આ માર્ગમાં સાચી ક્ષત્રીવટ અને સાચી બહાદૂરી બતાવવી ઘટે છે. જે જે આપણને અસત્ય, અનર્થકારક, અઘટિત અને અનાવશ્યક લાગે તે તે, ભલે પછી તેથી જગત્માં આપણી ઓછી કીર્તિ થાય તો પણ, આપણે આપણામાંથી નિઃસંકોચ ફેંકી દેવા જોઈએ: અને જે જે આપણને વાસ્તવિક, જરૂરી, અને આપણી કોમના ઉદ્ધારક લાગે તે તે આપણે તુરતાતુરત સ્વીકારી લેવા જોઈએ. ક્ષત્રીઓ જેવી આપણી ટેકીલી કોમ પાસેથી જગત્ અવશ્ય એટલી આશા રાખે અને આપણે તેમાં નાપાસ ન થઈએ, એજ મારી આપણી પાસે માગણી છે.

આપણી લગ્નક્રિયાઓ

જે રૂઢિઓથી આપણે ખુવારખસ્ત બની ગયા છીએ, તેમાંની કેટલીક રૂઢિઓ તો લગ્નક્રિયાઓને લગતી છે. આપણામાં અનેક શાખાઓ અને અનેક ઉપશાખાઓ હૈયાતી ધરાવે છે. તે તે વચ્ચેના લગ્ન સંબંધોને અંગે અનેક પ્રકારની રૂઢિઓ આપણામાં પ્રવર્તે છે. જ્યારે તે રૂઢિઓ દાખલ થઈ હશે, ત્યારે તેનાં જરૂર મહત્ત્વનાં કારણો હશે. અમુક શાખા, અમુક સમયે વિશેષ પરાક્રમી અને વિશેષ પ્રતિષ્ઠાવંતી હશે, અમુક શાખાને અમુક સમયે અમુક શાખાઓ સાથે કોઈ કલહ કે લડાઈઓ થઈ હશે, અમુક અમુક શાખાઓ વચ્ચે અમુક સમયે અંદરના એવા કેટલાએ નહીં ઇચ્છવા યોગ્ય બનાવો બન્યા હશે, અને એ બનાવોને પરિણામે આપણી અમુક શાખાની કન્યા અમુક શાખામાં જ દેવી અને અમુકમાં ન દેવી, એવા પ્રકારની માન્યતાઓ અને વ્યવહારો અત્યારે પ્રવર્તે છે.

ભલે પછી એ બંધનોને કારણે પોતાની કન્યાઓને દુઃખ થતું હોય, ભલે પછી પોતે જ્યાં કન્યા આપે છે તે શાખાવાળા, જ્યાં પોતે કન્યા આપવાનો નિષેધ કરે છે ત્યાં કન્યા આપતા હોય, અને એ રીતે નિષેધનો કોઇ અર્થ ન રહેતો હોય. આવા સંયોગોમાં નિષેધોનો કશો અર્થ નથી રહેતો, એટલું જ નહી પણ એથી આપણે પોતે અને આપણી કન્યાઓ ઘણી વખતે ભારે મુશ્કેલીમાં આવી પડીએ છીએ અને બીજી તરફથી આપણા વચ્ચે એક બીજામાં નાના મોટાના, ઉંચા નીચા કુળના, નહી ઇચ્છવા યોગ્ય ખ્યાલો વસી જવાથી, આપણામાં દિલની એકતા જમાવી શકાતી નથી. આજે આપણે તમામ શાખાઓ અને ઉપશાખાઓ અહીં એકજ તંબુમાં એકજ આસન ઉપર સાથે બેઠા છીએ. આજે આપણા દિલમાં સંપના, એકતાના અને પ્રેમના શુભ અંકુરો ફુટી નીકળ્યા છે. તેવા શુભ સંયોગોમાં ચાલો આપણે સર્વ એક સાથે મળીને નિર્ણય કરી નાંખીએ કે આપણે સૌ એજ સૂર્ય ચંદ્રનાં સંતાન છીએ, આપણે સૌ તલવાર-ભક્તો છીએ, આપણે સૌ શાસ્ત્રોએ ફરમાવેલ ક્ષત્રધર્મના અનુયાયીઓ છીએ, આપણામાં ભેદ નથી, વિખવાદ નથી, કલેશ નથી. મોટાઇની સારામારી નથી, આપણે સઘળા સાથે જમી જમાડી શકીએ છીએ, આપણે સઘળા એક બીજામાં નિઃસંકોચ લગ્નાદિક ક્રિયા કરી કરાવી શકીએ છીએ.

લગ્નોને લગતી બીજી વાત એની પાછળ થતાં અનવધિ ખર્ચોની છે. આપણે ત્યાં એક વખત રાજ્યોની સમૃદ્ધિ ભરી હતી. આપણે ત્યાં નવે નિધ અને દશ સિદ્ધ હતી. તે વખતે આપણે આપણાં લગ્નોમાં લાખો ખરચવાને—આપણી દીકરીઓને દિલ ચાહે તે આપવાને સમર્થ હતા. આજે દશા પલટાઇ છે. આપણી સ્થિતિ આપણે સમજીએ છીએ. છતાં તમાચો મારીને મોઢું લાલ રાખીએ છીએ. મેં એવા એક નહી પણ અનેક દાખલાઓ જોયા છે, કે જે ઘરો માત્ર પોતાની દીકરીઓની પાછળ જ ખુવાર થઇ ગયા છે, ગામ ગરાસ ઘરાણે મૂક્યા છે, હજારોના કરજવાન થઈ ગયા છે અને સારી જીંદગી મુંઝવણો અને મુશ્કેલીઓમાં તેઓ વીતાવે છે.

આપણે એ સ્થિતિમાંથી છૂટવું જ જોઇએ; આપણી અત્યારની સ્થિતિને અનુરૂપ નિયમો કરી જ કાઢવા જોઇએ. આજ કાલ તો તમામ ન્યાતોએ—વણિકો, બ્રાહ્મણો વિગેરેએ લગ્ન કારજ ઇત્યાદિ પ્રસંગો માટે ખર્ચના નિયમો કરી નાંખ્યા છે. ગરીબમાં ગરીબ અને શ્રીમંતમાં શ્રીમંત માણસ પણ જે ખર્ચ કરી શકે એવા પ્રકારના નિયમો આપણી પ્રત્યેક શાખામાં પણ કરી નાંખવા આવશ્યક છે. હું સમજું કે જે કુટુંબો પોતાની કન્યાઓની પાછળ હજારોના દાયજા કરતા આવ્યા છે તેમને આ પ્રકારના નિયમો દુઃખ ઉત્પન્ન કર્યા વિના ન રહે; પણ આપણી પોતાની વ્યક્તિગત અને સારા સમાજની સમષ્ટિની દૃષ્ટિથી, અને ખાસ કરીને આપણામાંના જે ભાઇઓ ગરીબ અને કરજદાર છે તેમના તરફની આપણી સાચી બંધુતા સિદ્ધ કરવાની ખાતર આ પ્રકારનાં પગલાં આપણે અવશ્ય લેવાં જોઇએ. અલબત. આ કામ પ્રત્યેક શાખા ઉપશાખાઓનું જ છે. આવી પરિષદ્ તો માત્ર ઇસારોજ કરી શકે.

દત્તક લેવાનો પ્રશ્ન

આપણી વિધવાઓને તેમની હયાતી સુધી તેમના ભાગનો ગીરાસ ખાવા દેવા સામે આપણે હવે ઉઠવું ન જોઇએ; અને જ્યાં ગીરાસ મજમૂ હોય ત્યાં પણ સરદારના ભાગની સ્થિતિ લક્ષમાં રાખી તેની વિધવાની સંપૂર્ણ સુખ અને સગવડ વચ્ચે આપણે પગ નાખવો ન જોઇએ. આટલું જો આપણે કરી શકીએ તો વિધવાઓને દત્તક લેવાની જરૂર ન રહે કે ખોટાં છોકરાં ઉભાં કરવાની લાલચ ન રહે.

આપણી કોમમાં દત્તક લેવા સંબંધમાં તો મારા વિચારો જાણીતા છે. હિંદુ કાયદામાં દત્તક લેવાની છૂટ છે એ હું જાણું છું. તે કાળમા પુત્રના તાયનું માડ લેવાની પિતાને કેટલી આકાંક્ષા રહેતી એ સ્પષ્ટ છે. પણ આજે કાળ બદલાયો છે. હવે આપણે પીંડાથી પરિતુષ્ટ થવાના નથી. એવા પ્રકારની તૃપ્તિની આપણી આકાંક્ષા નથી. અને બીજી તરફથી દત્તક લેવાથી, જેને ગીરાસ પોતાના હક્ક તરિકે આવતો હોય તેના હાથમાંથી તે જતો રહેતો હોવાથી કુટુંબોમાં ક્લેશો અને વેરઝેરની કોઇ સીમા નથી રહેતી. આપણે ક્લેશ કે વેરઝેરનું નામ નિશાન નથી રહેવા દેવું. એ ઉભા થઇ શકે તેવા

સંજોગોનો નાશ કરવો છે. માટેજ હું કહું છું કે દત્તક લેવાનો રિવાજ આપણે બંધ કરવો જોઇએ. આ રિવાજ અમુકજ શાખાઓમાં ચાલે છે. તે શાખાઓનેજ મારી આ ભલામણ છે.

પડદા તોડો !

આપણામાં પડદાનો જે રિવાજ અત્યારે પ્રચલિત છે, તે સંબંધમાં પણ મારા વિચારોની તમે આશા રાખો. સાચી રીતે તો જ્યાં સુધી હું પોતે મારે ત્યાંથી પડદો દૂર ન કરી શકયો હોઉં ત્યાં સુધી તમારી પાસે એ વાત કરવાનો મારો અધિકાર નથી; પણ જ્યારે એમ છતાં પણ હું તમારી પાસે એ વાત કરૂં છું ત્યારે આપ એ વાત જરૂર માનજો કે હું એ માગું છું અને આપને મારા વિરૂદ્ધ વિચારવાનું નહીં રહે. પડદો એ આપણા સ્થિતિચુસ્તપણાનો ઝંડો છે. એમાં પુરૂષવર્ગની ઉંડી ઉંડી સ્વાર્થબુદ્ધિ રહેલી છે. કોઈ કંજૂસ પોતાની માલમત્તા ઉપર જગતનો પ્રકાશ પણ ન પડવા દે એમાં જે પ્રકારના મનોભાવ રહેલા છે તેવો મનોભાવ આપણો આ પડદો ચાલુ રાખવામાં છે. તેમાં એક તરફથી નારીમંડળને નર્યા અંધકારમાં ગોંધી રાખવાનો સ્વાર્થભર્યો અત્યાચાર છે, તેમ બીજી તરફથી આપણીજ સંતતિને સર્વ શુભ અને સુંદર સંસ્કારોથી વંચિત રાખવાની બેવકુફી છે. આપણાજ દેશના આપણાજ વણિક ભાઇઓ કે બ્રહ્મબંધુઓ પડદો ન રાખવા છતાં કુલીન રહી શકે છે, આપણે પોતે એમને કુલીન અને ખાનદાન તરિકે માન આપીએ છીએ; છતાં આપણે એમાં આપણી કુલીનતાની હાની જોઇ રહ્યા છીએ. યુરોપીય રમણીઓ ઉઘાડે મ્હોડે, પૃથ્વીના ચોકમાં, જગતના અધમમા અધમ માણસોની નજર ફેરવીને સામે પગે ચાલે શકે છે; છતાં એમાં એને મર્યાદા કે શિયળભંગની બીતિ નથી. એ બન્નેનું વીરતાપૂર્વક રક્ષણ કરી શકવાની એનામાં હામ છે. જ્યારે આપણે ત્યાંની ઇતિહાસપ્રસિદ્ધ શૂરવીર ક્ષત્રાણીઓની મર્યાદા કે શિયળભંગની આપણને કોઇ કોઈ વાર બીતિ થઇ આવે છે. સાચેજ આપણી સઘળી શૂરવીરતા અને સઘળા પરાક્રમની એ જનેતા ઉપર આપણે અણઘટતા આકરા છીએ, અનુચિત ભયશંકી છીએ. જગતનો સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકાશ તેના

અંતર ઉપર પડવા દ્યો, જગતના માનવીઓ અને જગતની વસ્તુઓના પરિચયમાં તેને આવવા દ્યો, અને એ બધાનું દોહન કરી એ ઉત્તમ પાનનો લાભ એને પોતાને લેવા દ્યાં અને ત્યાંથી ચળાઈ, ગળાઈ, શુદ્ધ થઇને આપણી સંતતિના મ્હોમાં આવવા દ્યો. જરા પણ વિશેષ સમય સુધી આ પડદો રાખવો એમાં આપણી બુદ્ધિનો આપણને અવિશ્વાસ છે, આપણી નબળાઇઓને ઉત્તેજન છે, આપણી વીર ક્ષત્રાણીઓને અન્યાય છે, એમની જગપ્રસિદ્ધ અડગતા અને વીરતાની બેદરકારી છે. પડદો એ અંધકાર છેઃ જગત પ્રકાશથી ભરપૂર છે. તમારા નારીમંડળને ક્યાં સુધી એ અંધકારમાં રાખી તમારે એકલાને એ અંધારા પીવા છે? પડદો એ કુવો છેઃ જગત્ આ એક મહાસાગર છે. નારીને કુવામાં ખડકી રાખી ક્યાં સુધી તમારે આ સાગર ઉપર એકલી સફર કર્યા કરવી છે? પડદો એ પીંજર છે; જગત્ આ એક વિશાળ વ્યોમ છે. નારીને પીંજરમાં પૂરી રાખી તમારે એકલા એકલા ક્યાં સુધી ઉડ્યા કરવું છે? પડદો એ કારાવાસ છે. જગત્ એ સ્વાધીનતા છે. ક્યાં સુધી તમારી નારીને કારાવાસમાં રાખી તમારે એ સ્વાધીનતાના જમણ જમવા છે? પુરૂષની આ અઘોર સ્વાર્થ બુદ્ધિ આપણે હવે છોડીએ, આપણી નારીમાતાના અંધકાર ફેડીએ, એ કુવામાંથી એને બહાર કાઢીએ, એ પીંજર તોડીએ, એ કારાવાસની દિવાલ ફોડીએ, અને તમારા ગામના એક અદનામાં અદના ઉબાડને પણ જગતમાં જે ચોક ફરવા હરવા બોલવા ચાલવા, જોવા, અનુભવવા, સંગ્રહવાના જે અખંડ અધિકારો છે તે આપણી નારીમાતાને પણ આપીને તેના અનંત ઉપકારના બદલામાં તેના સ્વાભાવિક અધિકારોનો આ કિંચિત સ્વીકાર કરીએ અને તેમને સુખી, સ્વાધીન અને સાચી ક્ષત્રાણીઓ બનાવીએ.

નારીશિક્ષણ

આપણી નારીમાને પડદો તોડી આપણે જગતનો સ્થુળ પ્રકાશ આપીએ તેના કરતાં યે વિશેષ અગત્યનું અને વિશેષ મહત્વનું કાર્ય તેમને સુક્ષ્મ પ્રકાશ આપવાનું, તેમને શિક્ષણ આપવાનું છે. પડદા ત્યાગથી એમનાં શરીર પ્રકાશથી રેલાશે; શિક્ષણથી એમનાં અંતર પ્રકાશથી રેલાશે. અને એ પ્રકાશથી રેલાએલા અંતરો

અંદરથી એવી પ્રેરણા અને એવી ચેતના પ્રકટાવશે કે જેથી આપણી પછાત પડી ગએલી કોમના ઉદ્ધારનાં દ્વાર આપણે માટે ખુલ્લાં થઇ જશે. મનુષ્ય માત્રમાં સરજનહારે અનેક પ્રકારની શક્તિઓ ઓછે વત્તે અંશે મૂકી છે. તે શક્તિઓ વગર કેળવાયે મંદ અને મૂઢ થઇ જાય છે—કસરત વગરનું શરીર થઇ જાય છે તેમ. આપણે મનુષ્ય નરીકે હરદમ ઇચ્છીએ કે આપણું શરીર કવાયતી, તાલીમવાળું, કસરતબાજ હોય. તેજ ઇચ્છા આપણા મન માટે પણ આપણે રાખીએ. કારણ કે તેમાં મજા છે, આનંદ છે. પ્રભુએ સરજેલી આ સૃષ્ટિના મર્મ સમજીએ, એના નિર્માણમાં આપણે પણ આપણો હિસ્સો આપીએ, અને એ રીતે પ્રભુએ આપેલું જીવન આપણે સાર્થક કરીએ એ સર્વ શિક્ષણનો અર્થ છે. તે અર્થ આપણે એકલા જ સાધીએ અને નારીમાને તેથી વંચિત રાખીએ એ પ્રકારનું એકલપેટાપણું ક્યાંસુધી રાખવું છે ? એ એક બાજુ થઇ. એમના હિતની વાત થઇ. એક બીજી વાત કહું. જે માનવીને જગત્ પર રાજ્યો ચલાવવાનાં છે, જેના હાથમાં લાખોની જીવનદોરી મૂકી દેવાની તેવા ભવિષ્યના રાજાઓ અને આજના બાળકોને જે પથ્થર ઉપર ચાલવાનું હોય તે પથ્થરમાં પણ આપણે પ્રેરણા અને શિક્ષણ ભરી રાખવાં જોઇએ; તો જેની ગોદમાં છૂપાઇ જીવનનાં ઉપયોગીમાં ઉપયોગી એવાં દશ વર્ષો ક્ષત્રી બાળકે પસાર કરવાનાં છે તેને તમે ક્યાં સુધી પ્રેરણા અને શિક્ષણ રહિત રાખીને આપણા ક્ષત્રીઓનાં જીવનના વિકાસ અટકાવશો ? એ ગોદોમાં તો તેજના અંબાર ભરી રાખવા જોઇએ, પ્રેરણાના કોઇ સાગરો ઉછળવા જોઇએ, સંસ્કૃતિ અને સુવિચારોના સમુદ્રો છલકાવા જોઇએ; ક્ષત્રીબાળ એ તેજની લૂંટ ચલાવે, એ પ્રેરણા, એ સંસ્કૃતિ અને એ સુવિચારોનું ધરાઇ ધરાઇને પાન કરે !

આપણી ક્ષત્રીબ્હેનો માતા અરૂંધતીના ધર્મ અને વીરાંગના પદ્મિનીનાં પરાક્રમ વાંચે, અભ્યાસ કરે, અંતરમાં ઉતારે અને પોતાના બાળરાજાના કાનમાં ગણગણે; હાલેળે હીંચતી હીંચાવતી તુલસીની ચોપાઇઓ લલકારે; સાંજસવાર રામ અને કૃષ્ણ, પ્રતાપ અને શિવાજીની કથાઓ કહે અને બાલ્યાવસ્થા પૂરી થાય ન થાય ત્યાં તો ધર્મ અને ઇતિહાસથી શુદ્ધ અને સમૃદ્ધ થએલો ક્ષત્રીબાળ જગતને આંજી નાખે.

અને આપણા પોતાના જીવનમાં આપણને સુખ, અને શાંતિ નથી જોઇતા ? ભાઇઓ, ડરજો ના, ખાત્રી રાખજો કે તમારે જીવનમાં સાચી શાંતિ જોઇતી હોય, સાચું સુખ પ્રાપ્ત કરવું હોય, તો જે તમારી આવું શિક્ષણ લીધેલી ગૃહિણી આપી શકશે તેટલું તમારી અબુધ ક્ષત્રીઆણી નહી આપી શકે. બ્હેનો અને ભાઇઓ, આ વિષયનો આપણે ગંભીર વિચાર કરીએ, અને આપણી નારી કોમમાં વ્હેમ, અજ્ઞાન, અજડતા આદિ ભરાઇ ગએલા કાદવને આ શિક્ષણ-રૂપી જળથી સાફ કરી નાંખીએ.

આપણી રાજકીય સ્થિતિ

આપણી વ્યક્તિગત અને સામાજીક સુધારણાઓ સંબંધમાં આપને આટલે સુધી ખેંચી લાવ્યા પછી જે રાજ્યો સંભાળવા અને ચલાવવા આપણે સર્જાએલા છીએ, તે રાજ્યોને લગતી પ્રવૃત્તિ એટલે કે રાજકીય પ્રવૃત્તિ તરફ હું આપનું લક્ષ ખેંચવા ચાહું છું. આપણા અજ્ઞાનને કારણે, કહો કે વ્યસનાદિથી આપણામાં પેસી ગએલી નબળાઇઓને કારણે કે ગમે તેમ, આજે તો આપણે એટલા બધા ભીરૂ અને કમતાકાત થઇ ગયા છીએ કે રાજકીય પ્રવૃત્તિનો શબ્દ માત્ર ઉચ્ચારતાં પણ આપણે ડરીએ છીએ. વાણીઆઓ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે, બ્રાહ્મણો લઇ શકે, અરે ખુદ ઢેઢ ભંગીઆઓ પણ તેમાં ભાગ લઇ શકે, આપણી આખી વસ્તી રાજકીય પ્રવૃત્તિ-મય થઇ જાય, પણ આપણે એનાથી અલગ ને અલગ દૂર સુદૂર ભાગ્યા કરીએ ! કોઇ આગના ભડકાથી ત્રાસીને, 'આગ, આગ' કરતાં ભાગતા હોઇએ તેમ આજે આપણે રાજકીય પ્રવૃત્તિથી ભાગીએ છીએ. આપણને બ્હીક લાગે છે કે આપણા આ પ્રાસચાસ સરકાર દરબાર લઇ લે તો ? અરે મહેરબાન, જે કાર્ય આપણને શુદ્ધ સાચું અને સુંદર લાગતું હોય, જે બોલવું અને કરવું એ આપણને આપણું સ્પષ્ટ કર્તવ્ય લાગતું હોય, અને જે કાર્ય આપણી વસ્તીના તમામ માણસો છૂટથી અને જરાયે ભય વગર કરતા હોય- તે કાર્ય, એકાદ કોઇ પોલીસપટેલ તુમાર કરશે, એકાદ કોઇ ફોજદાર ધમકાવશે કે એકાદ કોઇ મામલતદાર કે અધિકારી આપણાથી નારાજ થશે એ ભીતિથી શું આપણે કરવું છોડી દઇશું ? શું આપણા પ્રાસચાસ

અને જમીન એવી પામર વસ્તુઓ છે કે તે આ પ્રકારની ભીરૂતા અને ડરપોકતાથી નિભાવી રાખવાની છે ? એ બિચારા આસચાસ પણ તેના અંતરમાં આજે કેટલા શરમાતા હશે કે તેમના સ્વામીમાં આટલી ડરપોક્તા અને આટલી નિર્બળતા ભરી છે ? એ આસ ચાસને જીભ અને જીવ હોત તો તો જરૂર તે આજ પોકારી ઉઠત કે અમારા સ્વામીપદે આવી ભીરૂતા ન જોઇએ. તલવારની અણીથી જીતેલા અને નીભાવેલા ચાસ પોલીસ પટેલ મુખી ફોજદારો અને બીજા અધિકારીઓની મહેરબાની મેળવીને જ, તેમની અને રાજ્યની ખોટી ખુશામદો કરીનેજ તમારે નિભાવવા છે ? મને સાફ કહેવા દ્યો કે જ્યાં સુધી આપણું માનસિક વલણ આટલું નબળું છે ત્યાં સુધી આપણે ગીરાસ ખાતા નથી—ધુળ ખાઇએ છીએ. ગરાસ ખાઓ તો મર્દાઇપૂર્વક ખાઓ—સંપૂર્ણ અભિમાન-પૂર્વક ખાઓ. આમ મરતાં મરતાં ગીરાસ ક્યાં સુધી ખાધા કરવો છે ? આમ કહીને હું તમને એમ નથી કહેતો કે તમે રાજદ્વારી ચળવળોમાં યાહોમ કરીને ઝંપલાવો, સ્વરાજવાદીઓના દળો ઉભરાવો, જેલો ભરી કાઢો અને એ તમામ પ્રવૃત્તિના મોખરે ચાલો. હું તો એટલુંજ કહેવા માગું છું કે તમે આ બધી પ્રવૃત્તિથી બરાબર અને સંપૂર્ણ વાકેફ રહો. તેના ઉપર તમારા વિચારો અને નિર્ણયો બાંધો અને એક તરફથી રાજ્યને અને બીજી તરફથી પ્રજાને બન્નેને તમારા સાચા અને શુદ્ધ વિચારોનો લાભ આપી બન્નેમાં એક પ્રકારની મધ્યસ્થ સ્થિતિ પ્રાપ્ત કરો. બાકી તમારે પોતાને કરવા પૂરતું તમારા જીવનમાં ઉતારવા જેવું તો તમે તાબડતોબ કરીજ નાખો.

ખાદી—સ્વાધીનતાનો સ્વાંગ

આપણા ભાઇઓમાંથી કેટલાએ ભાઇઓને ખાદી પહેરતાં ડરતા હું જોઉં છું. દરબારો પાસે જવું હોય કે સાહેબલોકો પાસે જવું પડે, તો આ ખાદીથી એ લોકો નારાજ થાય—આપણને રાજદ્વારી ચળવળીઆ ગણી કાઢે અને આપણને નુકશાન કરી નાંખે એ બીકથી ખાસ કરીને આપણા કેળવાએલા ભાઇઓમાં, રાજદરબારમાં રહેલ ભાઇઓમાં ખાદી અત્યંત ઓછી—ક્યાંઇકજ માલમ પડે છે. અહો,

એ તે કેટલો દુ:ખનો વિષય છે કે આપણે ક્ષત્રીઓ આપણા ઉપરની સરકાર દરબારની મહેરબાનીની જાળવી રાખવા માટે, આપણો પોશાક પણ એને મનગમતો જ પહેરવા તૈયાર છીએ! એટલું સારૂં છે, એ બિચારા એટલા ભલા છે કે આપણી પાસે હજી વિશેષ માગણી નથી કરતા. હજી આપણે અમુક જ પોશાક પ્હેરવો જોઇએ એવી માગણી નથી કરતા. કાલે આપણને કહે કે તમે અમુક જ પોશાક—કોઇ રંગબેરંગી—કોઇ ચિત્રવિચિત્ર પોશાક પ્હેરીનેજ અમારી પાસે આવો તો તે પણ આપણે કરવાના? શું સાચે જ રાજપૂતી આટલી નીચાણ સુધી નમી ગઇ છે? રાજપૂતીની સારી ખૂનીઆદ બગડી ગઇ છે શું? આપણામાં સાચી ક્ષત્રીવટ હોય તો આપણો ભાઇ એ સાહેબની છાતીમાં મારે અને કહે કે, 'મારા ખેતરમાં પાકેલું રૂ મારી વૃદ્ધ માએ કે મારી ગૃહિણીએ કાંતેલું અને મારા ગામના વણકરે વણેલું, તેનું આ કાપડ છે. તે ખાદી હોય તો ખાદી અને ખુદ ખંજર હોય તો ખંજરના પણ આ છાતી ઉપર સદા આસન રહેવાનાં, મહેરબાન!' અને આપ ખસૂસ માનજો કે મર્દો હંમેશાં મર્દાઇને વખાણે છે. સાહેબલોક જે દહાડે આ સાંભળશે તે દહાડે એના અંતરમાં 'આમીન' ભણશે, અને ગેંગેફેંફેં કરનારની ગણતરી કરી ચાલ્યો જશે.

અને આ ઝીણા બારીક રંગબેરંગી વસ્ત્રો શા સુખે અને શા હક્કે આપણે પહેરીએ? તસુ જમીન આપણે કમાયા નથી. કોઇ પરાક્રમ તો કર્યું નથી. જે ગુલામીમાં પારકાની રહેમ ઉપર જીવાતા જીવનમાં અન્ન પણ ભાવવું ભારે થઇ પડે, તેમાં આ વિલાસ અને આ આછકલાઇમાં આપણી નરી કર્તવ્યભ્રષ્ટતા અને નરી બેવકુફી મને દેખાય છે. બિચારા પ્રતાપને પોતાનું એક છેલ્લું ગામ પણ સ્વાધીન ન બને ત્યાં સુધી તૃણ ઉપર સુવાનાં વ્રત હતાં. આપણો તો સારો દેહ અને સારૂં જીવન ગુલામીમાં સડે છે. છતાં આપણને આ પાપી શોખ સૂઝે છે. એ પવનમાં ઉડતાં બારીક સાફાઓ, કેડીઆઓ અને ખેસોમાં હું તો આપણી ગુલામી, નબળાઇ અને કર્તવ્યભ્રષ્ટતાના ધ્વજ ફરકતા જોઉં છું. પ્રભુ આપણને એમાંથી બચાવો!

અને આપણે ખાદી પહેરીએ તેથી શું થાય છે તે તો તપાસો. આપણે આપણી જ ખાદી પહેરવાનું ધારીએ એટલે

તો આપણા ખેતરોમાં ઉંચામાં ઉંચું રૂ ઉત્પન્ન કરવાના મનોરથો જાગે: ઉંચા ખાતરો પૂરાય, ઉંચા બી વવાય, અને આપણા ખેતરોમાંથી નામી રૂના ફાલ ઉતરે. આપણે પહેરવાના કપડા માટે રૂ કંતાવાનું હોય એટલે તો આપણી માતાઓ અને આપણી ગૃહિણીઓ કર્તવ્યબુદ્ધિથી હોંશપૂર્વક, બારીકમાં બારીક અને સુંદરમાં સુંદર રૂ કાંતવા લાગે. સાથે સાથે રામ અને કૃષ્ણનાં સુંદર ભજનો બોલાતાં જાય, તાંતણે તાંતણે પ્હેરનારને લાખ આશિષો અપાતી જાય. મારા બાપુ પોતાની છાતીએ આ કપડું ધરવાના છે એ હોંશે તો વણકર પણ પોતાની બધી વણકરી એ કાપડ ઉપર ન્યોછાવર કરી દે. આપણે ખાદી પ્હેરીએ એટલે આપણામાં સાદાઈ અને સંયમ આવે છે, અને ખોટો ડર દૂર ભાગે છે, એટલું જ નહીં પણ આપણી માતાઓ અને આપણી ગૃહિણીઓને પોતાનો ફુરસદનો સમય એ રામ અને કૃષ્ણનાં ભજનો ગાવામાં, અને આપણને જમવા માટે જેમ ભાતભાતની વાનીઓ અંતરની હોંશપૂર્વક તૈયાર કરે છે તેમ આપણે પહેરવાના વસ્ત્રના તાંતણા અંતરની આશિષો સાથે બનાવતા જવામાં પસાર કરશે. કોઈ દહાડે કોઈ દુ:ખમાં એ રેંટીઓ તેને આરામ અને સહાય આપશે. આપણા ગામમાં નાશ પામેલી વણકરી જાગશે અને આપણું ગામ દીપી નીકળશે. આપણે દારૂ છોડીએ, ગામમાંથી તેને દૂર કાઢીએ; આપણે ખાદી રેંટીઓ સ્વીકારીએ અને આપણે અંત્યજો તરફ સદ્‌ભાવથી વર્તીએ: આટલું તો આપણો દેશ આપણી પાસેથી માગે છે અને જો આપણે આપણી દેશમાતાના સાચા પુત્રો હોઈએ તો આટલું અવશ્ય કરીએ. આપણું ગામેગામ પોતાનાં વસ્ત્રો માટે જોઈતું ઉંચું રૂ બનાવી પીંજી અને કાંતી લે અને ગામને જરૂરી પ્હેરવાનાં વસ્ત્રો વણી શકે તેટલા ઓછામાં ઓછા વણકરો પોતાને ત્યાં વસાવી લે, અને એમ કરીને જેમ અનાજ માટે આપણે પારકી બજારોમાં દોડવું નથી પડતું તેમ વસ્ત્રો માટે આપણે દોશીવાણીઆના લાંબાચોડા નામામાં ઉતરવું ન પડે—આપણે અને આપણી વસ્તી સ્વાશ્રયી થઈએ. આપણો ખોરાક આપણા ખેતરમાંથી, આપણે પહેરવાનાં કપડાં આપણા ખેતરમાંથી, આપણાં જ પાળેલાં ઢોરના દૂધ અને ઘી અને તે પછી એક ઘોડો અને એક તલવાર. અહો, કેવી સ્વાધીનતા છતાં કેટલી સાદાઈ! રજપૂત, તારે આથી વિશેષ

શું જોઇએ ? આટલું તું સાચવી શક એટલે તેં જીવી જાણ્યું છે. જા, બાપ, જગતમાં કર્તવ્ય બજાવ અને આનંદ કર. તારા કંગાળ અને કમતાકાત દેશભાઇઓના તને આશીર્વાદ રહેશે !

આપણા ગ્રાસ–ચાસ

હવે હું એવી રાજકીય બાબત ઉપર આવું છું કે જે બાબતને આપણી થાળીના રોટલા સાથે સંબંધ છે, આપણા બાળકના દૂધના કટોરા સાથે નિસ્બત છે. આપણા ગોરાસ ચાસ ઉપર થઇ ગએલા અને થતા આક્રમણો અને એ બધાની પરિણામિક દુર્દશા ઉપર આપનું લક્ષ ખેંચવાની હું રજા લઉંછું. જીલ્લામાં, એજન્સીમાં અથવા તો આપણા પોતાના જ ભાઇઓને હસ્તક ચાલતાં દેશીરાજ્યોમાં આપણી જે દુર્દશા થઇ પડી છે, આપણા કેટલાએ ભાઇઓ અને બ્હેનોને ખાવા અન્ન અને પહેરવા વસ્ત્રનાં પણ કોઇ કોઇ વખત કેટલાક કેટલાક કીસ્સામાં જે સાંસા પડે છે, તે તરફ હું તમારૂં લક્ષ ખેંચું છું. જીલ્લામાં અમારા ઉપર લોકલફંડો વિગેરેનો બોજો હતો એનાથી કેટલોએ વધી ગયો હોવા છતાં, અમોને કરી આપેલા કરારો ઇત્યાદિ વિરૂદ્ધ તેમ થયું હોવા છતાં, અમારી પાસેથી લેવાતી જમા વિગેરે એજ રીતે અનંતગણી વધી ગઇ હોવા છતાં પણ અમારો કેડો છોડાતો નથી. જમા, લોકલફંડો અને બીજી વસુલાતો એટલે સુધી વધી જવા પામી છે કે કેટલેક કેટલેક ઠેકાણે તો જમીનની એટલી ઉપજ પણ આવતી નથી. આ બધો બોજો ધીમે ધીમે અસહ્ય થતો જાય છે. અમારાં વાંસા હવે ફાટતા જાય છે. અમે ઇચ્છીએ છીએ કે એ બોજા ફેંકી દેવા જેટલી સાહસિક મનોદશા અમારી ન થાય. સરકારને અમારી બહુ માનપૂર્વક અને સભ્યતાપૂર્વક વિનંતિ છે કે નિરર્થક અમને ન સતાવે; એમા એમને અને અમને બન્નેને દુઃખ છે. એજન્સીના આપણા ભાઇઓ ઉપર પણ ખર્ચના વધી ગએલા બોજા સંબંધી મેં સાંભળ્યું છે. ત્યાં પણ સરકારને મારે તેજ વાત કહેવાની છે. પણ સૌથી વધારે અને ખાસ મારે કહેવાનું છે તે આપણાજ શિરછત્ર મુરબ્બી રાજા મહારાજાઓને, એ એક ભારે દુઃખની–અપાર કષ્ટની વાત છે કે જો ક્યાંઇ પણ આપણા ભાઇઓના ગૌરાસ ચાસની સૌથી વિશેષ બિન-

સલામતી હોય, ક્યાંઈ પણ આપણા ભાઇઓ અને મ્હેનો નિર્ધનતા, લાચારી અને નિર્બળતામાં સડતા હોય, તો તે આપણા જ પોતાના ભાઇઓની હકુમતમાં છે. એ ગાદીઓ આપણાજ વડવાઓએ સ્થાપી, આપણાજ માથાથી નિભાવી અને હજી પણ જ્યારે જરૂર પડે ત્યારે આ માથાં અને આ દેહ એનાંજ છે. એ ગાદીધરો આજે ઠેરઠેર આપણા ભાઇઓ ઉપર જે લૂંટ, ત્રાસ અને જૂલ્મ વર્તાવી રહ્યા છે તે સંભારતાં હું તો ધ્રૂજી ઉઠું છું. થોડીક મિનિટ, થોડાક કલાક, થોડાક દિવસ, થોડાક માસ કે થોડાક વર્ષોના જન્મકાળના અંતરથી આજે એ રાજા છે અને આપણે કુટાયા-ભાયાતો છીએ. નહીં તો એ પણ રાજાના દીકરા છે અને આપણે પણ રાજાના દીકરા છીએ. ગાદી જીતનાર જે એમના બાપા હતા તે આપણા પણ બાપા હતા. પ્રભુની ઇચ્છાથી એમનો જન્મકાળ વ્હેલો થયો. ઇશ્વરની એમના ઉપર એટલી કૃપા. બાકી તો નથી એમણે તલવાર ચલાવી કે નથી કોઈ મહાન રાજપુરૂષતાનો ઉપયોગ કરી રાજ્યોની સુદઢતા કરી. જ્યારે જ્યારે જરૂર પડી હતી-તલવારનો ઉપયોગ હતો, ત્યારે ત્યારે તો આપણેજ એમના પડખામાં હતા. આજે આ બધું ભૂલાઇ જાય છે. આજે આપણાં લોહીજ એમને મીઠાં લાગે છે. આજે એમના વૈભવ, એમના બંગલા અને એમની મોટરો નભાવવા માટે આપણા શ્વાસચાસ હરાય છે-આપણુંજ સર્વસ્વ લૂંટાય છે. અહો, કેટલેક સ્થળે તો એવી દશા આવી ગયાનું મેં સાંભળ્યું છે કે આપણી બ્હેનોને બ્હાર મજૂરી કરવા જવું પડયું છે! સાચેજ, આપણા જાડેજાઓ અને આપણાજ ઝાલાઓ આપણી બ્હેનોને આમ મજૂરી કરવા નહીં કાઢે તો કોણ કાઢશે? પહેલી મારી અરજ આપણા જ એ ઉંચે આસને બીરાજેલા ભાંડુઓને છે. અત્યંત માનપૂર્વક, અત્યંત આર્જવતાપૂર્વક 'આપને આ ન શોભે. અમે આપના ભાઇઓ છીએ. અમને ભાઇઓ તરિકે પાળો અને આ દેહ કોઇ દિવસ કામના છે હો! આ માથાં કેટલીએ વાર તમારી ગાદીના રક્ષણ માટે વઢાયાં છે અને હજી વઢાશે. અજ્ઞાનમાં, ખોટા નિશામાં, પારકના બળે, તમારા ભાઇઓને આમ ન સતાવો એ અમે આપની પાસેથી માગી લઇએ છીએ. અમારે કશું નવું નથી જોઇતું. જે છે તેજ તે સ્થિતિમાં પાળી આપો એજ અમારી

લાગણી છે. અમને લાચાર ન બનાવો. અમારા ઉપયોગ કરો. અમે તમારા છીએ એ ન ભૂલો !' આપણા રાજા મહારાજાઓ મારી આ અરજ સાંભળે. સૌરાષ્ટ્રના સમસ્ત ક્ષત્રીભાઇઓની જીભ આ બોલી રહી છે. આ અવાજ કોઇ એકલા અટૂલા ગરાસીઆનો નથી. તેમ કોઇ વેરણછેરણ–ઇર્ષ્યા દ્વેષ અને કુસંપથી ભરેલા સમાજનો નથી. આ તો પ્રેમ બંધુતા અને ઉત્સાહથી ઉભરાતા સારા સૌરાષ્ટ્રના એક થઇ ગએલા સમાજનો અવાજ છે. તે અવાજ અમારા મુરબ્બીઓને જગાડો, એમને એમનું કર્તવ્ય શીખવો.

આપણી ફર્યાદો આપણે સરકારમાં લઇ જઇએ અને અરજી વકીલો અને દલીલોમાં ગુંચવાઇ જઇએ એ પ્રકારમાં હું માનનારો નથી. મારૂં ચાલે તો હું તો મારૂં મારા રાજાઓ સાથે જ ફોડી લઉં. હું એમની સામે સરકારમાં ફર્યાદ કરવા ન જાઉં, એટલું જ નહીં પણ જતા હોય તેને અટકાવું. પણ એમાં એક વાત વિચારવાની રહે છે. આપણા દેશી રાજ્યોના ભાઇઓની સાથે સરકારની બાંહેધરીવાળા હક્ક પત્રકો થયા છે. આપણા ભાઇઓના હક્કો સાચવી આપવાને સરકાર બંધાએલી છે. એટલા જ ખાતર, લાંબી નહીં પણ એકાદ ટુંકી વાત તો તેને કહી આપવી જોઇએ કે: સરકાર બહાદૂર, આપનું વચન છે કે અમારા ગીરાસ–હક્ક પળશે. કાં તો આપ તે પળાવો અને કાંતો આપ એમાંથી છુટી જાઓ; 'અમે અમારૂં ફોડી લઇશું. અમે જાણીએ અને અમારો રાજા જાણે. અમારામાં તાકાત હશે તો એનું કાંડું પકડી કહી દઇશું કે દરબાર, આ હવે નહીં ચાલે. એને પગે પડીશું–વિનવીશું–સમજાવીશું–પટાવીશું–અને છેવટે જરૂર પડશે તો સત્યાગ્રહ પણ કરીશું. પણ તમારે સરકારે ક્યાંઇ પણ વચમાં ન આવવું. ન દોડી આવવું રાજાજીને માટે કે ન દોડી આવવું અમારો પક્ષ લેવા.' જે રાજ્યની વાત હોય તે રાજ્યના રાજા સાહેબને તે રાજ્યના ભાઇઓ તરફથીજ ખુબ અરજ થયા પછી, તેમ ન માને તો આપણી સમાજ તરફથી ખુબ અરજ કર્યા પછી, બીજી જે યોગ્ય રીતે સમજાવી શકાય તે રીતે સમજાવ્યા પછી, અને છેલ્લે આપણી સ્થિતિ બરાબર સંભાળી લઇને, આપણી તમામ નબળાઇઓ દૂર કરીને, આપણું સંઘ મજબૂત બનાવીને સરકાર બહાદરને મેં ઊંચે જણાવ્યું તેમ

કર્યા બાદ જરૂર પડે તો આપણા દેશીરાજાઓ સાથે આપણે પ્રેમ-પૂર્વક સત્યાગ્રહ કરવા પણ તૈયાર થવું જોઇએ. આજે ઠેર ઠેર જે દશા પ્રવર્તે છે, ભાયાતોની જે દુર્દશા થઇ પડી છે તે જોતાં મને લાગે છે કે આપણે ચુપ પડયા રહીએ, બધું ગળી જઈએ તો એ ક્યાં સુધી ચાલશે ? આપણા હક્કો માટે આપણે નહી લડીએ તો કોણ લડશે ? અને માત્ર મહેરબાની અને દયા ઉપરજ ક્યાં સુધી જીવવું છે ? હવે તો આપણે આપણા રાજાસાહેબોને ખુબ વિનયપૂર્વક પણ સાફ સાફ કહી દઇએ કે "બાપુ હવે થાક્યા છીએ. હવે વધારે ખુશામદો નથી થતી. હવે વધારે રહેમો નથી મંગાતી. હવે અવધિ થઈ છે." આપણા સમસ્ત સમાજમાં આ ભાવના બરાબર સમજાઇ જવી જોઇએ. આપણા પ્રત્યેક દેશીરાજ્યના ભાઇઓએ પોતપોતાની સ્થિતિ બરાબર સમજી જઈ એકદમ સબળ અને સુદૃઢ થઇ જવું જોઇએ. જીલ્લા એજન્સી અને બીજા રાજ્યના ભાઇઓએ પણ એક બીજાને પડખે અડગ ઉભા રહેવા તૈયારી કરી નાંખવી જોઇએ. આટલું સંઘટ્ટન અને આટલું એકબળ જો આપણે સાધી શકીશું, તો મને ખાત્રી છે કે એજન્સી જીલ્લા કે દેશી રાજ્ય જ્યાં જરૂર પડે ત્યાં આપણે એ સર્વનો ઉપયોગ કરી શકીશું અને આપણો ઉદય સાધી શકીશું.

ક્ષત્રીની તલવાર

બ્હેનો, અને ભાઇઓ, આ બધી અનેકવિધ વાતો આપની પાસે કરી ગયા પછી, સામાજીક અને રાજકીય વિષયોના ઉંડાણમાં તમને આટલે સુધી લઇ ગયા પછી, હવે છેલ્લે તમારી પાસે અને સરકાર પાસે એક વાત કહેવા માગું છું. તે સામાજીક નથી. રાજકીય નથી, એ સર્વથી પર અને પરમ છે. આપણા ધર્મની આપણી સારી ક્ષત્રીવટની એ વાત છે. એ વાત તે આપણી તલવારની છે. ક્ષત્રી એટલે જ તલવાર. તમે ક્ષત્રીવટનો વિચાર કરો. તમારી આંખો મીંચી તમારા દિલ સન્મુખ ક્ષત્રીનું ચિત્ર ખડું કરો, તો પહેલી તલવાર દેખાશે, અને પછી પુરૂષ દેખાશે. તલવારધારી પુરૂષ એટલે ક્ષત્રી; તલવાર વગરનો પુરૂષ એ ક્ષત્રી નહીં.

તલવારનો આપણા પૂર્વજોનો આપણને મળેલો મહામૂલો વારસો છે. તે આપણું સાચું ધન છે. પોતાની હરેક માલ મીલ્કત લૂંટાઈ જાય છતાં ક્ષત્રી તલવાર ન છોડે. આપણી બાળાઓ લગ્ન કરે છે તે આપણી તલવારની સાથે, એટલે વસ્તુતઃ આપણી સંતતિ એટલે તલવારની સંતતિ કહી શકાય.

તલવાર તો આપણી માતા. એ આપણી જગદંબા, આપણે એના પુત્રો. આપણો આખો ઇતિહાસ એટલે તલવારનો ઇતિહાસ. અહો 'જેની સાથે આટલો ઇતિહાસ' આટલી શૂરવીરતા અને આટલી પવિત્રતા સંઘરાયા છે તે તલવાર આજે કયાં છે? આપણી ભુજામાં આજે તે તલવાર સાબીત છે? દેવ વગરનાં મંદિર જેમ સૂનાં સૂનાં લાગે, તેમ તલવાર વગરની ભુજાઓ સૂની સૂની લાગે છે.

પણ આજે તો ક્ષત્રીને પોતાની તલવાર રાખવાને સરકારના પરવાના માંગવા પડે છે. બ્રાહ્મણને જનોઈ રાખવાનો પરવાનો માંગવાનો હોય, તોજ આપણે તલવાર રાખવાનો પરવાનો માંગવાનો હોય. છતાં આજે પોતાની બધીજ ધૃષ્ટતાપૂર્વક સરકાર આપણી પાસે પરવાના માંગી રહી છે. આપણો પરવાનો તે તો ખુદ તલવાર પોતે જ હોય. કોઈ કાગળનો ટુકડો આપણી તલવાર પકડવાનો આધાર ન હોય. આપણો આધાર આપણી ક્ષત્રીવટ—આપણો પરંપરા ધર્મ. એ છતાં કેટલી ભીરૂતાપૂર્વક સરકાર તરફના આ અપમાન આપણે સહી રહ્યા છીએ. પણ એમાં હું સરકારનો દોષ નથી જોતો. સરકારને આપણે કહ્યું જ છે કયે દિવસે કે તલવાર વિના આપણે નથી ચલાવી શકવાના? આપણે તો ગરીબ ગાડરની માફક તલવારબંધીના હુકમને પણ શિરસાવંદ્ય કર્યો. તેની સામે એક સખુન પણ ઉચ્ચાર્યા સિવાય આપણે તે સ્વીકારી લીધો. સદા આકાશગામી ટટ્ટાર રહેનારાઓએ ધુળની ચપટી આપણા માથા ઉપર નાંખી. રજપુતાનાના આપણા વીર ભાંડુઓ પાસે કોઈ પરવાનો નથી માગતું. કારણકે તેની પાસે તેનો જવાબ છે. આપણી પાસે તેનો જવાબ નથી. તેથી આજે આપણે તલવાર વગરના વાણીઆ બ્રાહ્મણની માફક હરીએ ફરીએ છીએ અને ક્ષત્રીવટને પામર બનાવીએ છીએ. પણ એ થયું. એવાં સરકારી દોષ નથી. દોષ આપણો છે. આપણે તેને કદિ કશું કહ્યું જ નથી.

આપણને સૌને લાગે છે ખરૂં કે તલવાર વગર આપણે ક્ષત્રી નથી? અને એમ લાગતું હોય તો તે પ્રમાણે સરકારને કહેવાની આપણી તૈયારી છે? આપણે આજે તેને આપણું દિલ કહીએ પણ તે પહેલાં આપણી આત્મપરીક્ષા કરી લઈએ, દૃઢતા જમાવી લઈએ.

આપણી તૈયારી એટલે ક્ષત્રીજાયો કહેવાતો એકકે એક માનવી એટલે સુધી તૈયાર હોવો જોઈએ કે તે સર્વથા અને સર્વદા તલવાર સાથે જ ફરશે; અને તે કશા પણ સરકારી લેખિત પરવાના વગર ફરશે; સરકાર હા પાડે કે ના પાડે તો ય ફરશે; ગમે તેવું જોખમ વેઠીને પણ ફરશે. આટલી આપણી તૈયારી હોય તો જ આપણે સરકારને કહેવા જઈએ કે તલવાર વિરૂદ્ધનો–હથીઆરબંધીનો કાયદો એ અમારા ધર્મનું અપમાન કરનારો છે. અમે તે નથી સાંખી શકતા. માટે તે દૂર કરો. મને વિશ્વાસ છે કે આપણી લાગણી અને એ લાગણી પાછળનું આપણું પ્રમાણીક અને ધર્મભર્યું બળ જોઈને સરકાર જરૂર આપણી વાત સ્વીકારશે અને તે નહી સ્વીકારે તો આપણે તેની પાસે સ્વીકારાવીશું; એમ કરાવવામાં જે કાંઈ જોખમ, વિપત્તિ કે દુઃખ વેઠવા પડે તે આપણે પોતે વેઠીને પણ આપણે સરકારને ફરજ પાડીશું.

આપણો 'ભાઈએ ભાગ'

બ્હેનો અને ભાઈઓ, ઘણું કહ્યું છતાં કહેવાનું ખુટતું નથી. પણ હવે તમારી ધીરજની કસોટી વધારે નહીં કરૂં. આ હવે છેલ્લી વાત છે. એ વાત તે આપણા 'ભાઈએ ભાગ' સંબંધની છે. આપણા ઘરધણી ગીરાસીઆઓમાં જે આ પદ્ધતિ ચાલે છે તેથી આપણી અત્યારની અસ્તવ્યસ્ત દશા થઈ ગઈ છે, એમ ઘણા ભાઈઓનું માનવું છે. મારવાડ મેવાડની માફક આપણે ત્યાં વારસો મોટાભાઈનેજ જાય એ પ્રકાર આપણે ત્યાં દાખલ કરીએ તો આપણી સ્થિતિ અને બળમાં કાંઇ ફેરફાર થાય ખરો? આ એક અતિ ગંભીર સવાલ છે. તેનો નિર્ણય કાંઇ આજે અને આ પરિષદ્માં આપણે કરવાનો નથી, પણ આ વર્ષમાં આ સંબંધમાં ખુબ વાતાવરણ કેળવી, આપણને અનુકૂળ લાગે તો, આવતે વર્ષે આ બાબતમાં આપણે નિર્ણય

ઉપર આવવા જેવું છે. આ બાબતમાં હું મારા વિચારો તમને આપી તમને એક પ્રકારની એક યા તો બીજી સ્થિતિમાં મૂકું, એના કરતાં આ પરિષદમાં અને તેની કમીટીઓમાં આપણે આવી ખુબ છૂટથી નિઃસંકોચપણે ચર્ચા કરીએ અને પછી આવતી પરિષદ દરમ્યાન ગામે ગામ અને ઠેકાણે ઠેકાણે આ ચર્ચા ચાલુ રાખીએ એજ હું આપ સર્વની પાસે માગું છું.

આપણો ઉદય પ્રજાના ઉદય માટે

બંધુઓ અને બ્હેનો, આપણે અહીંઆ આપણો ઉદય સાધવા મળ્યા છીએ તેનાં કરતાં પણ વિશેષ તો આપણામાં શુદ્ધિ ભરવા પવિત્ર થવા મળ્યા છીએ. આપણો મેલ ખૂણા ખાંચકામાંથી પણ સાફ કરવાની આપણી નેમ છે; તેથી જ આપણે જેમ આજે આપણી અનેક નબળાઇઓના ઇકરાર કર્યા, તેમ આપણી પ્રજા પ્રત્યેના વર્તન સંબંધનો પણ આપણો ઇકરાર આવશ્યક છે. આપણી પ્રજામાં આપણા માટે થોડો કે ઘણો કેટલેક સ્થળે કચવાટ છે એ વાત સાચી છે. આપણા અજ્ઞાનને કારણે કે ગમે તે રીતે એવું બન્યાનું આપણે અનેક સ્થળે સાંભળીએ છીએ અને તેથી જ આપણી પ્રજાનો કેટલોએ ભાગ આપણી આ પ્રવૃત્તિ સામે શંકા અને ભયની નજરે પણ જુએ છે. આપણી એ પ્રજાને ચાલો આપણે કહીએ કે અમારી આ પ્રવૃત્તિ સાચા ક્ષત્રી એટલે પ્રજાના સાચા રક્ષક, પ્રજાના સાચા સહાયક બનવા માટે છે. પ્રજાને સુખી અને સંતોષી રાખવામાં અમારાથી જેટલી ઊણપ રહી ગઇ હોય તે પૂરવાની આ પ્રવૃત્તિ છે.

એટલે વસ્તુતઃ આપણી આ જાગ્રતિ તો આખી પ્રજાના કલ્યાણ માટે છે. આપણે તો એ પ્રજાકલ્યાણને ખાતર જ આત્મ-સમર્પણ કરવાનું રહે છે. આપણી આ સાધના જો કોઇ હિંસક અને સ્વાર્થ-અંધ માણસોની સાધના હોય, તો હું પોકારું છું કે ઓ પરમેશ્વર! ઓ પિતૃદેવો! તમારી દુવા તમે પાછી ખેંચી લેજો. અમારે એવો લોહીભર્યો ઘાતકી ઉદય નથી જોઇતો. અમે તો પ્રજા-શરીરની ભુજાઓ છીએ; એ શરીરના રક્ષણ અર્થે જ અમારે બળવાન થવું છે. પરંતુ પ્રજા શરીરના

પેટ રૂપી વૈશ્યો, પગ રૂપી ખેડુતો વસવાયીઓ, અને મુખ રૂપી બ્રાહ્મણો—એ બધાના રક્ષણ અને પોષણ અર્થેજ અમે ભુજા રૂપી ક્ષત્રીઓ સર્જાયા છીએ. માટે આજ આપણે પ્રતિજ્ઞા કરીએ, કે પ્રજાને પીડવાનો એક પણ દાખલો આપણી કોમમાં રહે ત્યાં સુધી આપણાથી ઝંપાય નહીં, આપણાથી 'ક્ષત્રી' જેવું પવિત્ર નામ ધારણ કરાય નહીં. પ્રજાને આપણે સૂર્ય ચંદ્ર પિતાઓની સાક્ષીએ ખાત્રી આપીએ કે અમે સ્વાધીન બનવા ઇચ્છીએ છીએ એ તમને સ્વાધીન બનાવવા માટે; અમે ઉજાગરા કરશું, તમને શાંતિથી સુવા દેવા માટે; અમે તપ તપશું, તમને એનાં ફળ ધરવા માટે; અમે મરી ફીટશું, તમને જીવંત રાખવા માટે; અમારી જાગ્રતિ તમારા પર જુલ્મકારી થવાની હોય તો એ જાગ્રતિ અમારે નથી જોઇતી. અમને એ અગ્રાહ્ય છે. ઇતિહાસમાં સદા સર્વદા ક્ષત્રીએ આજ ભાવના રાખી છે અને અમારામાં પણ એજ ભાવના જવલંત રહે એવું અમે પ્રભુ પાસે માગીએ છીએ. ગૂલામોજ જાલીમ જૂલ્મગાર બને છે. અમે જૂલ્મગાર બન્યા તો તેનું કારણ અમારી ગૂલામી હશે; અમે મુક્ત થઇશું—સ્વાધીનતા સાધશું એટલે એ રહી સહી—ચોરી છૂપીથી પેસી ગએલી જાલીમતા દૂર દૂર ન્હાસી જશે.

તમારા સુખમાં અમારૂં સુખ, તમારા દુઃખમાં અમારૂં દુઃખ, તમારા ઉત્કર્ષમાં અમારો ઉત્કર્ષ અને તમારી સ્વાધીનતામાં જ અમારી સ્વાધીનતા છે. એ આજની અમારી મનોદશા છે. પ્રભુ તે સદોદિત રાખે અને અમને અને અમારી વચ્ચે રામ અને કૃષ્ણના કાળનો સંબંધ બનાવી દે!

ક્ષત્રીઓ એટલે કર્મવીરો—ભાષણકારો નહીં

બસ, હવે મારૂં કહેવું પુરૂં થાય છે. હવે આપ પરિષદ્‌નું કામ આગળ ચલાવો. તેમાં એક વાત યાદ રાખશો. તે ભૂલશો નહીં. મહાત્માજીએ આપણને કહેલી એ વાત છે. આપણે ક્ષત્રીઓ છીએ, આપણે કર્મવીરો છીએ. આપણે ભાષણકારોની કોમ નથી. આપણે શબ્દમાં નથી માનનારા. આપણે એ વાત કરવાની છે. જે વાતમાં આપણને કોઇને જરીએ શંકા ન હોય, તે વાતનાં અહીંજ આ

પરિષદ્‌માંજ વ્રત લઇએ. આપણી તલવારની સાખે, આપણા સૂર્ય ચંદ્રની સાખે આપણે પ્રતિજ્ઞા કરી લઇએ કે આજથી આપણને દારૂ ન ખપે, આપણને અફીણ હરામ છે, આજથી અદાલતોનાં દર્શન એ પાપ છે; આજથી અમારે વિલાસનો ત્યાગ છે, અમે સાદાઇ ધારીશું, ખાદી પહેરીશું. આ પરિષદ્ પૂરી થતાં પહેલાં, આપણે આપણાં ઘર તરફ પ્રયાણ કરીએ તે પહેલાં, સાંગા પ્રતાપ અને તેના સુભટોએ એમની માતા સન્મુખ તલવારને હાથમાં રાખી જેમ અડગ વ્રત લીધાં હતાં અને જીવનપર્યંત પાળ્યાં હતાં તેમ આપણે આપણી આ હજારોની સંખ્યામાં એ વ્રત લઇએ અને પાળીએ. જગત જે ચોપડીમાં વાંચે છે અથવા નાટકના તખ્તા ઉપર જુએ છે તે દૈવી દૃશ્ય આ વર્તે જની આજથી પુણ્યવંતી ભૂમિ ઉપર આપણે કરી બતાવીએ. બીજી વાત તે આપણી વિધવાઓ અને આપણાં લગ્ન કારજ ઇત્યાદિના ખર્ચો સંબંધી; આપણે અહીંથી દરેક શાખાને ભલામણ કરીએ કે આજથી અમુક મુદતની અંદર તે એકઠી થઇ પોતપોતાને અનુકૂળ બંધનો તત્કાળ બાંધી લે. ત્રીજી વાત તે હથીઆરબંધી સંબંધમાં, તેમજ જીલ્લાની એજન્સીઓની અને દેશી રાજ્યોની વિપત્તિ સંબંધમાં આખું વર્ષ કામ કરવા લેવા જોઇતા તમામ ઉપાયો લેવા અર્થે આપણે માત્ર પ્રતિષ્ઠાવાળાજ નહીં પણ જેનું જીગર બળી રહ્યું છે તે પોતાના સ્વાર્થને ત્યાગે પણ આપણી સેવા ઉઠાવવા તૈયાર હોય એવા ભાઇઓને એ કામ ઉપર નીમી દઇએ. સંક્ષિપ્તમાં જે કામ આપણે આવતી પરિષદ્ પહેલાં જરૂર પૂરૂં કરી નાંખવાની શ્રદ્ધાવાળા હોઇએ તેનો ચોક્કસ ક્રમ રચી કાઢીએ. અને સૌથી અગત્યનું કામ એ આપણુ સંઘટ્ટન મજબૂત કરવાનું, સાથે શાખાઓ ગામે ગામ વ્યવસ્થિત કરી દેવાનું, પ્રત્યેક સ્થળમાં સ્વયંસેવકનાં દળો ઉભા કરી દેવાનું અને એ બધાંને બરાબર તાલીમ આપી, સેવાના કે સત્યાગ્રહના હરકોઇ પ્રસંગે કામ આવે એવું નિયમન કરી દેવાનું આપણે ઠરાવી નાંખવું જોઇએ એટલે કે કરી નાંખવું જોઇએ.

આજે આપણે એવું કરી બતાવો, આપણી કર્તવ્યબુદ્ધિની આપણી સેવાભાવનાની એવી જ્યોતિ પ્રકટાવો, કે આપણા પિતૃઓ

અંતરીક્ષમાં રહ્યા રહ્યા પ્રસન્ન થાય, અને આપણને આશિષો આપે; અને આપણે રામ અને કૃષ્ણના નામને, પ્રતાપ અને શિવાજીના નામને એમના વંશજો તરિકે લાયક બનીએ.

ભગવાન્ સૂર્ય મહારાજ, તમારા જ છત્ર નીચે, શ્રી ચંદ્રદેવ, તમારીજ ચાંદનીમાં અમે એકઠા થયા છીએ; અમને પ્રેરણા મોકલજો, અમારામાં ચેતના રેડજો, શાંતબળ પ્રકટાવજો. ઓ પ્રભુ અમને સત્યને પંથે વાળજો.

असतो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्यो र्माऽमृतं गमय ॥

અસત્યમાંથી અમને સત્યમાં લઇજા,
અંધકારમાંથી અમને પ્રકાશમાં લઇજા;
મૃત્યુમાંથી અમને અમૃતમાં લઇ જા.

ૐ શાંતિ ! શાંતિ !! શાંતિ !!!



આ ભાષણ સૌરાષ્ટ્ર મુદ્રણાલય રાણપુરમાં અમૃતલાલ દલપતભાઈ
શેઠે છાપ્યું, અને વર્તેજ મુકામે શ્રી મનુભાભાઈ પાતાભાઈ
(ચેર)એ પ્રસિદ્ધ કર્યું.